કઈ રીતે કરશો સંજોગ ન્યૂઝની એપ્લીકેશન ડાઉનલોડ ?
સૌ પ્રથમ GET IT ON Google Play માં જઈને
SANJOG NEWS સર્ચ કરવુ
ત્યારબાદ INSTALL નું બટન દબાવવું
અથવા www.sanjognews.net સર્ચ કરો
ગણતરીની સેકન્ડોમાં સંજોગ ન્યૂઝની એપ્લીકેશન તમારા મોબાઈલમાં ડાઉનલોડ થઈ જશે


# સંજોગ ન્યૂઝ


SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2021-2023

Year - 5 | Issue- 288 | AD-2022, Ashadh Vad-9, Friday, Dt. 22-07-2022 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### પ્રધાનમંત્રી મોદી, રાષ્ટ્રીય ભાજપ અધ્યક્ષ જે.પી. નડ્ડા સહિત કેન્દ્રીય કેબિનેટના તમામ સભ્યોએ અભિનંદન પાઠવ્યા

# દેશના ૧૫મા રાષ્ટ્રપતિ તરીકે દ્રૌપદી મુર્મુનો ભવ્ય વિજય

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૧

દેશના ૧૫મા રાષ્ટ્રપતિ તરીકે એનડીએના ઉમેદવાર દ્રૌપદી મુર્મુનો પ્રચંડ વિજય થયો છે. આજે સવારથી શરુ થયેલી મતગણતરીમાં પ્રથમ તબકકામાં સાંસદોના મતોની ગણતરી કરવામાં આવી હતી જેમાં દ્રૌપદી મુર્મુને ૫૪૦ મત અને વિપક્ષના ઉમેદવાર યશવંત સિંહાને ૨૦૮ મત મળ્યા છે. આમ મતોના મૂલ્ય મુજબ દ્રૌપદી મુર્મુને ૩૧૮૦૦૦ મતો મળ્યા હતા. જયારે યશવંત સિંહાને ૧૪૫૦૦૦ મતો મળ્યા છે અને સાંસદોના મતોમાં ૧૫ મતો અયોગ્ય ઠર્યા હતા. આ ગણતરી બાદ દેશના રાજયોના ધારાસભ્યોના મતોની ગણતરી થઈ હતી અને ૧૫મા રાષ્ટ્રપતિ તરીકે દ્રૌપદી મુર્મુનો વિજય નિશ્ચિત થઈ ગયો હતો. સત્તાવાર પરિણામ મોડી સાંજે જાહેર થયુ છે. બીજી તરફ દ્રૌપદી મુર્મુના વિજયની ઉજવણી શરુ થઈ ગઈ છે. એનડીએ દ્વારા ભાજપના વડામથક ખાતે મીઠાઈ વહેંચી તથા ફટાકડા ફોડીને આ વિજયને વધાવી લીધો છે. બીજી



તરફ પરિણામની સત્તાવાર જાહેરાત સાથે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા કેન્દ્રીય કેબિનેટના તમામ સભ્યો અને ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ જે.પી.નડ્ડા સહિતના અગ્રણીઓ દ્રૌપદી મુર્મુના નિવાસસ્થાને પહોંચી ગયા હતાં અને તેમનું અભિવાદન કર્યું હતું. સંસદ ભવનની મતગણતરી સાથે જ દ્રૌપદી મુર્મુના વતન જિલ્લા મયુરભંજમાં ઉજવણી શરુ થઈ ગઈ હતી. પાટનગર દિલ્હીમાં ભવ્ય અભિનંદન યાત્રા યોજાઈ હતી અને દેશભરમાં ભાજપે વિજયોત્સવ મનાવ્યો હતો. દિલ્હીમાં ભાજપનો રોડ શો યોજાયો હતો જેમાં પક્ષના રાષ્ટ્રીય પ્રમુખ જે.પી.નડ્ડા તથા પક્ષના ઉચ્ચ પદાધિકારીઓ સામેલ થયા હતાં. રાષ્ટ્રપતિનું પદ દેશનું સર્વોચ્ચ પદ માનવામાં આવે છે. ૨૦૧૭માં રાષ્ટ્રપતિનો પગાર દોઢ લાખ રૂપિયાથી વધારીને ૫ લાખ રૂપિયા કરી દેવામાં આવ્યો હતો. આ સાથે જ રાષ્ટ્રપતિની પત્નીને પણ મહિને ૩૦ હજાર રૂપિયા મળે છે. રાષ્ટ્રપતિને મફતમાં સારવાર અને મુસાફરી કરવા મળે છે. રાષ્ટ્રપતિને રહેવા માટે ૫ એકરમાં ફેલાયેલ રાષ્ટ્રપતિ ભવન મળે છે, જે વિશ્વના સૌથી મોટા આવાસ પૈકીનું એક માનવામાં આવે છે. આ ઉપરાંત રાષ્ટ્રપતિ સાથે ૨૦૦ કર્મચારીઓ કામ કરે છે. રાષ્ટ્રપતિ અને પરિજનો વિશ્વના અન્ય કોઈ પણ દેશમાં મફત મુસાફરી કરી શકે છે. વર્ષમાં પાર્લામેન્ટમાં ૩ સેશન હોય છે. રાષ્ટ્રપતિ સત્ર બોલાવે છે અને બંધ કરે છે. રાષ્ટ્રપતિ લોકસભા ભંગ પણ કરી શકે છે, પરંતુ આવું તેઓ ત્યારે જ કરી શકે છે, જ્યારે તેમને લાગે કે રુલિંગ પાર્ટી પાસે બહુમત નથી. તેઓ પાર્ટીને બહુમત સાબિત કરવા માટે કહી શકે છે અને જો પાર્ટી તેમાં નિષ્ફળ નીવડે, તો તેઓ લોકસભા ભંગ કરી શકે છે. કોઈ પણ બિલ સંસદમાં રજૂ કર્યા પહેલા રાષ્ટ્રપતિ પાસે ભલામણ કરવામાં આવે છે. આ ઉપરાંત રાષ્ટ્રપતિને ઑર્ડિનેન્સ લાવવાનો પાવર હોય છે. જ્યારે સંસદનું સત્ર ના ચાલી રહ્યું હોય, ત્યારે રાષ્ટ્રપતિ પોતાના પાવરનો ઉપયોગ કરીને કાયદો બનાવી શકે છે, પરંતુ જો તે કાયદો સંસદમાં રદ થઈ જાય છે, તો તેને હટાવી દેવામાં આવે છે.

## દેશમાં 5Gની શરૂઆત ગાંધીનગરથી, પ્રધાનમંત્રી મોદીના હસ્તે થશે ઉદ્ઘાટન

(એ.આર.એલ),અમદાવાદ,તા.૨૧

મોબાઈલ સેવાઓમાં સૌથી ઝડપી ડેટા ટ્રાન્સફર શકય હોય તેવી પાંચમી જનરેશન (5G) સેવાઓ દેશમાં ગુજરાતના પાટનગર ગાંધીનગર ખાતેથી પ્રારંભ થશે. આ સેવાઓ દેશને વડાપ્રધાન મોદી સમર્પિત કરશે અને તા.૧૫ ઓગસ્ટના રોજ દેશની આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે ત્યારે શરૂ થશે એવું જાણવા મળી રહ્યું છે. વડાપ્રધાન મોદી લાલ કિલ્લા ઉપર સ્વતંત્રતા દિવસની ઉજવણી બાદ ગુજરાત આવશે અને સેવાઓનો પ્રારંભ કરે તેવી શક્યતા છે. દેશમાં આ સેવાઓ માટે સ્પેક્ટ્રમની નિલામી આ સપ્તાહમાં શરૂ થવાની છે અને તેમાં રિલાયન્સ જીયો, વોડાફોન આઈડિયા અને એરટેલ ઉપરાંત અદાણી જૂથે પણ બિડિંગ કરવા માટે રસ દાખવ્યો છે. અદાણીએ આ સ્પેક્ટ્રમ ખરીદી માત્ર એન્ટરપ્રાઈસ સેવાઓ આપવા માટે જાહેરાત કરી છે એટલે ગ્રાહકોને તો માત્ર ત્રણ કંપનીઓ તરફથી જ સેવા મળશે.

























સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
શુક્રવાર, તા.૨૨-૦૭-૨૦૨૨

સતત ૨૦ દિવસથી હળવાથી ભારે વરસાદ વરસી રહ્યો હતો જેથી ખેડૂતો ખેતરે પણ જઈ શકતા નહોતા

# અમરેલી જિલ્લામાં મેઘાનો વિરામ, ખેડૂતોને હાશકારો

## વરસાદે વિરામ લેતા ખેડૂતોએ ખેતીમાં દવાનો છંટકાવ અને નિંદામણ શરૂ કર્યુ

અમરેલી,તા.૨૧

અમરેલી જિલ્લામાં છેલ્લાં ૨૦ દિવસથી હળવાથી ભારે વરસાદ વરસી રહ્યો હતો જેના કારણે ખેતરોમાં પાણી ભરાઈ ગયા હતા અને ખેડૂતો ખેતીકામે જઈ શકતા ન હોવાથી ચોમાસુ પાક નિષ્ફળ જવાની ભીતિ પણ સેવાઈ રહી હતી. છેલ્લાં ત્રણ દિવસથી અમરેલી જિલ્લામાં મેઘાએ વિરામ લેતા તંત્રની સાથે ખેડૂતોએ પણ રાહતનો શ્વાસ લીધો છે. ચતુરભાઈ નામના ખેડૂતે જણાવ્યું હતું કે, સતત વરસી રહેલા વરસાદને કારણે સૌથી વધુ નુકસાન કપાસને થયુ છે. ખેતરોમાં પાણી ભરાઈ રહેતુ હોવાથી અમુક ખેતરોમાં પાક બળી ગયા હોવાનું પણ જાણવા મળ્યુ છે. આ પહેલા ખેડૂતોએ પાકનું વાવેતર કર્યુ



હતું જે નિષ્ફળ જતા ખેડૂતોએ બીજીવાર વાવેતર કર્યુ હતું તે સતત વરસી રહેલા વરસાદને કારણે નિષ્ફળ ગયુ છે. અમુક તાલુકાઓમાં તો ભારે વરસાદ પડ્યો હોવાથી ત્રીજીવાર પાકનું વાવેતર કરવુ પડે તેવી સ્થિતિ ઉભી થઈ છે. સતત વરસાદને કારણે ખેડૂતો ખેતરમાં જઈ શકતા ન હોવાથી કપાસ, મગફળીની સાથે નિંદામણ પણ ઉગી નિકળ્યુ છે. જો કે હવે મેઘરાજાએ વિરામ લેતા ખેડૂતો ખેતીકામે લાગ્યા છે. આ વર્ષે વરસાદના પહેલા જ રાઉન્ડમાં નદી-નાળા અને ચેકડેમો છલકાઈ ગયા છે તો કૂવાઓમાં પાણીના તળ ઉંચા આવ્યા છે. હાલ બિયારણના ભાવ આસમાને પહોચ્યા હોવાથી સતત વરસાદને કારણે ફરીથી વાવેતર કરવુ પણ ખેડૂતોને મોંઘુ પડી રહ્યુ છે. જો કે હવે મેઘરાજાએ અમરેલી જિલ્લામાં વિરામ લેતા ખેડૂતોએ ઝડપથી ખેતીકામ શરૂ કરી દીધુ છે ત્યારે ફરી વરસાદની આગાહીને કારણે ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે.

## અમરેલીની લાયબ્રેરીમાં વોટર કુલર માટે ગ્રાન્ટ ફાળવતા પરેશ ધાનાણી

અમરેલી,તા.૨૧



અમરેલી શહેરમાં આવેલ લાયબ્રેરીમાં યુવાનો અભ્યાસ માટે વાંચન કરવા માટે આવતા હોય છે. વાંચન કરવા માટે આવતા લોકોને પીવાના પાણીની સગવડતા ન હોવાથી યુવાનોએ ધારાસભ્ય પરેશભાઈ ધાનાણીને રજૂઆત કરતા ધારાસભ્યએ લાયબ્રેરીમાં વોટર કુલર માટે ગ્રાન્ટની ફાળવણી કરી હતી. ગ્રાન્ટની ફાળવણી થતા ટૂંક સમયમાં લાયબ્રેરીમાં પીવાના પાણીની સમસ્યા દૂર થઈ થશે.

## સાવરકુંડલા પાલિકાના ફતવા સામે ધારાસભ્યની ઉચ્ચકક્ષાએ રજૂઆત

અમરેલી,તા.૨૧



સાવરકુંડલા નગરપાલિકા દ્વારા વર્ષો પહેલા નજીવા લતાદર લઈને એનટીઆર શરતો નાખી લોકોને વેચાણથી આપી હતી. ત્યારબાદ પાલિકાએ સન.૧૯૮૩માં લતાદર પ્રમાણે ચો.વારના રૂ.૨૫ જેવી નજીવી કિંમત વસુલ લઈ વેચાણ હક્કમાં ફેરવી આપવામાં આવી હતી. પરંતુ વર્ષો પછી પાલિકાએ નવો ફતવો બહાર પાડી જે લોકો પાસે એનટીઆરના પ્લોટ હોય તેઓ પાસેથી રકમ વસુલ કરી વેચાણ હક્કમાં ફેરવી આપવામાં આવશે તેવી જાહેરાત કરી હતી. આથી ધારાસભ્ય પ્રતાપભાઈ દુધાતે આ બાબતે ઉચ્ચકક્ષાએ રજૂઆત કરી જણાવ્યું છે કે, જો પાલિકા પોતાની મનમાની કરી બહુમતીના જોરે જનરલ સભામાં ખોટા ઠરાવો પાસ કરી નાના માણસો પાસેથી મસમોટી રકમ વસુલવાનું નક્કી કરશે તો લોકોના હિત માટે કોર્ટનો આશરો લેવામાં આવશે તેવી ચિમકી ઉચ્ચારવામાં આવી છે. આ બાબતે ધારાસભ્યએ કલેકટર, ચીફ ઓફિસર સહિતનાને પત્ર પાઠવી રજૂઆત કરી છે.

## વડિયા-કુંકાવાવ તાલુકા ભાજપ દ્વારા બાળકોને ફરસાણ વિતરણ



અમરેલી,તા.૨૧

પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલના હોદ્દાને બે પૂર્ણ થતા વડિયા-કુંકાવાવ તાલુકા ભાજપ દ્વારા ગરીબ બાળકોને ફરસાણ વિતરણ કરાયુ હતું. આ તકે ગોપાલભાઈ અંટાળા, શૈલેષભાઈ ઢુંમર સહિત ભાજપ આગેવાનો હાજર રહ્યાં હતા.

## તોરી મુકામે નિદાન કેમ્પ અને મેડિકલ કેમ્પનું કરાયુ આયોજન

અમરેલી,તા.૨૧



વડિયા-કુંકાવાવ તાલુકા યુથ કોંગ્રેસ દ્વારા આગામી તા.૨૪ને રવિવારના રોજ પ્રા.આરોગ્ય કેન્દ્ર તોરી મુકામે સવારે ૯ થી ૧ વાગ્યા સુધી વિનામૂલ્યે નિદાન કેમ્પ અને મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ છે. આ કેમ્પમાં જય અંબે હોસ્પિટલ દ્વારા નિષ્ણાંત ડોકટરો સેવા આપશે. કેમ્પનું દીપ પ્રાગટ્ય ધારાસભ્ય પરેશભાઈ ધાનાણી, રવજીભાઈ પાનસુરીયા, સંજયભાઈ વઘાસીયા કરશે. જિલ્લા યુથ કોંગ્રેસના પ્રમુખ દેવરાજ બાબરીયા અને મોનીલ ગોંડલીયા હાજર રહેશે. કેમ્પની સાથોસાથ ધારાસભ્ય દ્વારા મંજૂર કરાયેલ એમ્બ્યુલન્સનું લોકાર્પણ કરવામાં આવશે. કેમ્પ માટે ધર્મેન્દ્રભાઈ પાનસુરીયા, જુનેદ ડોડીયા, હર્ષ તેરૈયા અને ભૌમિક પાંધીનો સંપર્ક કરવા જણાવાયુ છે.

## કોટડાપીઠા પ્રા.આ.કેન્દ્ર દ્વારા વસ્તી પખવાડિયાની ઉજવણી



તસવીર : જય મહેતા

કોટડાપીઠા,તા.૨૧

કોટડાપીઠા પ્રા.આ.કેન્દ્ર દ્વારા વસ્તી પખવાડિયાની ઉજવણી કરવામાં આવી હતી. આરોગ્ય કેન્દ્રના કર્મચારીઓએ કુટુંબ નિયોજન અને મચ્છરજન્ય રોગચાળાથી બચવા માટે માહિતી આપી હતી.

## રાજુલા વિધાનસભા વિસ્તારમાં ટીબીના દર્દીઓને ન્યૂટ્રીશન કીટનું કરાયુ વિતરણ

અમરેલી,તા.૨૧



રાજુલા, જાફરાબાદ અને ખાંભા વિસ્તારના ક્ષય રોગના દર્દીઓને ૭ માસથી રકમ ચુકવવામાં આવી નથી તેમજ ક્ષયના દર્દીઓને પ્રોટીનની જરૂરીયાત હોવાથી ધારાસભ્ય અંબરીશભાઈ ડેર દ્વારા રાજુલા-જાફરાબાદ-ખાંભા વિધાનસભાના ગામડાઓમાં ક્ષયના દર્દીઓને ન્યૂટ્રીશન કીટનું વિતરણ કરવામાં આવ્યુ હતું. ન્યૂટ્રીશન કીટના વિતરણ સમયે આરોગ્ય કર્મચારીઓ પણ હાજર રહ્યાં હતા.

## અમરેલી જિલ્લામાં ગોબરધન યોજનાનો થયો પ્રારંભ, લાભ લેવા અનુરોધ કરાયો

અમરેલી,તા.૨૧




સ્વચ્છ ભારત મિશન(ગ્રા) અંતર્ગત અમરેલી જિલ્લામાં ગોબરધન યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ગ્રામ્ય કક્ષાએ રહેતા અને ૨ કે ૩ પશુધન ધરાવતા લાભાર્થીઓ પોતાની માલિકીની ૮૦ ફૂટ જગ્યા ધરાવતા હોય તો રૂા.૪૨૦૦૦નો ગોબરગેસ પ્લાન્ટ આપવામાં આવે છે. જો લાભાર્થી મનરેગાના વ્યક્તિગત લાભની પાત્રતા ધરાવતો હોય બે ખાડા માટે રૂ.૧૨૦૦૦ મળવાપાત્ર થશે. આમ, ગ્રામ્ય વિસ્તારને પ્રદૂષણ રહિત બનાવવા અને મોંઘાદાટ ગેસના બાટલાથી મુક્તિ મેળવવા માટે કુદરતી ગેસનો ઉપયોગ કરવા અનુરોધ કરાયો છે. આ યોજનાની વધુ માહિતી માટે તાલુકા પંચાયતનો સંપર્ક કરવો.

## બાબરા શહેર ભાજપ દ્વારા તમામ વોર્ડમાં સભ્ય નોંધણી કાર્યક્રમ યોજાયો

બાબરા,તા.૨૧


તસવીર : શંભુ પાંચાણી

બાબરા શહેર ભાજપ દ્વારા સભ્ય નોંધણીનો કાર્યક્રમ યોજાયો હતો. શહેર ભાજપના આગેવાનોએ તમામ વોર્ડમાં સભ્ય નોંધણી કાર્યક્રમ કર્યો હતો. શહેર ભાજપ આગેવાનો દ્વારા નવા સભ્યો સાથે જુના સભ્યોનું ઓનલાઈન રજિસ્ટ્રેશન કરવામાં આવ્યુ હતું. સભ્ય નોંધણી માટે શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા, બીપીનભાઈ રાદડીયા, લલીતભાઈ આંબલીયા, જગદીશભાઈ નાકરાણી, નિતિનભાઈ રાઠોડ, હરેશભાઈ આખજા, અલ્તાફભાઈ નથવાણી, વસંતભાઈ તેરૈયા, દિપકભાઈ કનૈયા, શંભુભાઈ પાંચાણી સહિતના આગેવાનો હાજર રહ્યાં હતા.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

|| શ્રી વલ્લભ ||


જનરેટરની વિશાળ રેન્જ માત્ર અમરેલીમાં
Navnit HONDA GENERATORS
ગોપી સિનેમા પાસે, નવનીત હિરોની બાજુમાં,
સ્ટેશન રોડ,અમરેલી ફો. 7574827300


ડૉ. ગુંજન મોવલીયા
M.B.D.C.H. (Mumbai)
FPCC (KDAH Mumbai)
Pediatric Intensivist
PICU Fellow
કોકીલાબેન ધીરૂભાઈ અંબાણી હોસ્પિટલ, મુંબઈ
હોસ્પિટલમાં ઉપલબ્ધ સુવિધાઓ
જન્મથી ૧૮ વર્ષ સુધીના બાળકોના રોગોનું નિદાન તથા સારવાર ::
Level iii NICU - નવજાત શિશુનુ સઘન સારવાર કેન્દ્ર ::
Level iii PICU - બાળકો માટેનું સઘન સારવાર કેન્દ્ર ::
રસીકરણ કેન્દ્ર (Vaccination Centre) ::
૨૪ કલાક ઈમરજન્સી સારવાર ::
સેંન્ટ્રલ ઓકસીજન સિસ્ટમ ::
દાખલ બાળકો માટે સ્પેશિયલ તથા જનરલ રૂમની સુવિધા ::
પોર્ટેબલ X ray તથા સોનોગ્રાફીની સુવિધા ::
Hamilton Ventilator (Made in Switzerland) ::
(કૃત્રિમ સ્વાસ આપવા માટેનું અતિ આધુનિક સાધન)
CPAP/HFNC ::
નવજાત શીશુ તથા સઘન બાળરોગ નિષ્ણાંત
કિલ્લોલ ચિલ્ડ્રન હોસ્પિટલ
પહેલો માળ, સેવા ભારતી હોસ્પિટલ,
કેરીયા રોડ, અમરેલી. મો. ૯૦૨૩૯ ૫૧૪૦૧

# કુંકાવાવ તાલુકાના ૫૬ ગરીબ પરિવારોને પરેશ ધાનાણીની રજૂઆતથી મફત પ્લોટની ફાળવણી

## મફત પ્લોટની ફાળવણી થતા તાલુકાના ગરીબ પરિવારોમાં આનંદ

અમરેલી, તા.૨૧

કુંકાવાવ તાલુકાના ૫૬ ગરીબ પરિવારોએ પ્લોટ મળે તે માટે અધિકારીઓ સમક્ષ અનેકવાર રજૂઆત કરી હતી. પરંતુ ગરીબ પરિવારોને પ્લોટ બાબતે અધિકારીઓ દ્વારા માત્ર લોલીપોપ આપવામાં આવતી હતી. જેથી ગરીબ પરીવારોએ મફત પ્લોટ મળે તે માટે ધારાસભ્ય પરેશભાઈ ધાનાણીને રજૂઆત કરી હતી. જે બાદ કુંકાવાવ તાલુકામાં ઝૂંપડા બાંધીને રહેતા અને અતિ ગરીબ પરિવારોને મફત પ્લોટ અને મકાન સરકાર તરફથી વહેલી તકે મળે તે માટે ધારાસભ્ય પરેશભાઈ ધાનાણી દ્વારા તાલુકા લેન્ડ કમિટી સહિતમાં અવાર-નવાર



રજૂઆતો કરવામાં આવી હતી. ત્યારે ધારાસભ્ય પરેશભાઈ ધાનાણીની રજૂઆતના પગલે તંત્ર દ્વારા ૫૬ ગરીબ પરિવારોના મફત પ્લોટની મંજૂરી આપવામાં આવી છે. જેમાં તાલુકાના મોટા ઉજળા, મોટી કુંકાવાવ ગામના લાભાર્થીઓને મફત પ્લોટ મંજૂર કરવામાં આવ્યા છે. જેને લઈ કુંકાવાવ તાલુકાના ગરીબ પરિવારોએ અમરેલીના ધારાસભ્ય પરેશભાઈ ધાનાણીનો આભાર વ્યક્ત કર્યો હતો. આમ ધારાસભ્યની રજૂઆતથી ગરીબ પરિવારોને હવે ઘરનું ઘર બનાવવાનું સપનું હવે સાકાર થવા જઈ રહ્યું છે.

# રાજુલામાં મોટાભાગના શિવાલયોની આસપાસ કાદવ-કિચડ અને ગંદકીથી શિવભક્તોમાં રોષ

રાજુલા, તા.૨૧

પવિત્ર શ્રાવણ માસને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે રાજુલામાં મોટાભાગના શિવાલયોની આસપાસ ખોદેલા રસ્તાઓ, કાદવ-કિચડ, ઉભરાતી ગટરોથી જનતા ત્રાહિમામ પોકારી ઉઠી છે. પરંતુ પાલિકા અને અન્ય સત્તાધીશો રાજકરણમાં વ્યસ્ત બન્યા હોય પ્રજાના પ્રશ્નો હલ કરવામાં કોઈને રસ નથી. રાજુલાના વિવિધ શિવાલયોની વાત કરીએ તો કોટેશ્વર મહાદેવ મંદિર રાજુલા-જાફરાબાદ



તસવીર : અમરૂભાઈ બારોટ

રોડ પર આવેલ છે, જે રોડ પર હાલ મોટા ખાડાઓ, ચારે તરફ ઉભરાતી ગટરો અને રસ્તો ખોદેલો હોય ગંદકી જોવા મળી રહી છે. તો બીજી તરફ ધારનાથ મહાદેવ મંદિરની આસપાસની ૨૦ જેટલી સોસાયટી આવેલ છે તેથી મોટી સંખ્યામાં ભક્તો આ મંદિરે આવતા હોય છે. ત્યારે અહિં રસ્તાઓ ખોદી નાખવામાં આવ્યા હોવાથી વિસ્તારના રહિશો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ઉપરાંત ધર્મેશ્વર મહાદેવની આજુબાજુની ૨૫ જેટલી સોસાયટીના ભાવિકો અહિં દર્શને આવતા હોય છે. પરંતુ અહિં કોહિનુરવાળો રસ્તો અને આજુબાજુનો રસ્તો ખોદી નાખવામાં આવતા ભક્તોને પરેશાનીનો સામનો કરવો પડતો હોય ભારે રોષ વ્યાપી જવા પામ્યો છે. ત્યારે શ્રાવણ માસ પહેલા પ્રશ્નનો ઉકેલ લાવવા ભાવિકોમાંથી માંગણી ઉઠી છે.

# બેંક ઓફ બરોડાની બગસરા શાખા દ્વારા ફાઉન્ડેશન દિવસની ઉજવણી

બગસરા, તા.૨૧

બેંક ઓફ બરોડાની બગસરા શાખાએ ૧૧૪ વર્ષ પૂર્ણ કરી ૧૧૫માં વર્ષમાં પ્રવેશ કરતા બગસરા શાખા દ્વારા ફાઉન્ડેશન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બેંકના મેનેજર જશવંતભાઈ, વસ્તાણીભાઈ, બ્રિજેશભાઈ, હિંમતભાઈ સહિતે વિચરતી જાતિના બાળકો માટે ૨૦૦ કીટનું વિતરણ કર્યું હતું. તો બીજી તરફ બેંક ખાતે ગ્રાહકોને બોલાવી બેંકમાં પડતી નાની-મોટી મુશ્કેલીઓ



તસવીર : વી.કે.સાંગાણી

સાંભળી હતી. જે બાદ ગ્રાહકોને વધુમાં વધુ સરળતા રહે અને સારામાં સારી સર્વિસ પ્રાપ્ત થાય તથા ઓછા સમયમાં ગ્રાહક પોતાનું કામ પૂર્ણ કરીને જતા રહે તેવી વ્યવસ્થા કરવાની ખાતરી પણ અપાઈ હતી.

# સા.કુંડલાને હરિયાળું બનાવવા પાલિકા દ્વારા વૃક્ષારોપણ કરાશે

## શહેરમાં અંદાજે ૨૪૦૦ જેટલા વૃક્ષોનો ઉછેર કરાશે

સાવરકુંડલા, તા.૨૧

સાવરકુંડલા શહેરને હરિયાળું બનાવવા માટે નગરપાલિકા દ્વારા ૪૮ લાખના ખર્ચે વૃક્ષારોપણ કરવામાં આવનાર છે. જેમાં પાંજરા સાથે કપડું બાંધી ત્રણ વર્ષ સુધી માવજત કરવાની શરતે ટેન્ડર પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. સૌરાષ્ટ્રના અનેક શહેરોમાં સદ્દભાવના વૃધ્ધાશ્રમ દ્વારા ૫૦ ટકાની લોક ભાગીદારીથી અને સતત જાળવણી સાથે વૃક્ષારોપણ કરાઈ રહ્યું છે. ત્યારે આજ સંસ્થાને કામ આપવાના શુભઆશયથી વૃક્ષારોપણ માટેના ટેન્ડરો થઈ રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ૪૮ લાખ પૈકી ૨૪ લાખ નગરપાલિકા તથા ૨૪ લાખ આ સંસ્થા ખર્ચ ભોગવશે અને અંદાજે ૨૪૦૦ વૃક્ષોનો ઉછેર કરવામાં આવનાર છે.

# રાજુલાની મહિલા કોલેજમાં વિવિધ કાર્યક્રમોની ઉત્સાહભેર ઉજવણી

રાજુલા, તા.૨૧

રાજુલાની શ્રીમતી એચ. બી. સંઘવી મહિલા કોલેજ ખાતે વૃક્ષારોપણ, પ્રથમ વર્ષની બહેનોને આવકાર સમારંભ અને ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરાઈ હતી. કાર્યક્રમની શરૂઆતમાં દીપ પ્રાગટ્ય બાદ મહેમાનનું સ્વાગત, પ્રાસંગિક ઉદ્દબોધન, રાસ ગરબા કાર્યક્રમ અને ગુરુનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. બાદમાં મહેમાનોના હસ્તે વૃક્ષારોપણ કરાયું હતું. આ તકે



તસવીર : ગોપાલ રાઠોડ

સમારંભના અધ્યક્ષ પાલિકા પ્રમુખ રમેશભાઈ કાતરીયા, દીપકભાઈ ઠક્કર, જી. આઈ. ધાંધલા, શ્યામભાઈ ઠક્કર, બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, રવિભાઈ વ્યાસ, બીપીનભાઈ લહેરી, વિમળાબેન ઉનાગર, રીટાબેન રાવળ, યોગેશભાઈ કાનાબાર સહિતનાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# બાબરા તાલુકા રામાનંદી સાધુ સમાજ દ્વારા વિદ્યાર્થી સન્માન સમારોહ યોજાયો

બાબરા, તા.૨૧

બાબરામાં જલારામ મંદિર ખાતે પ.પૂ. ઘનશ્યામદાસબાપુના અધ્યક્ષ સ્થાને બાબરા તાલુકા રામાનંદી સાધુ સમાજ દ્વારા વિદ્યાર્થી ભાઈ- બહેનોનો ભવ્ય સરસ્વતી સન્માન સમારોહ કાર્યક્રમ યોજાયો હતો. જિલ્લા મંડળના ઉપપ્રમુખ પ્રતાપભાઈ દેવમુરારીના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ કાર્યક્રમની શરૂઆત સાધુ-સંતો, પદાધિકારીઓના હસ્તે



તસવીર : દિપક કનૈયા

દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ એજન્ડા મુજબ મંત્રી દ્વારા હિસાબો રજૂ કરાયા હતા. બાદમાં કોરોનામાં મૃત્યુ પામેલા માતા-પિતાના સંતાનો અને અભ્યાસ કરતા આર્થિક પછાત વિદ્યાર્થીઓને અર્ધવાર્ષિક ફી દત્તક યોજના જાહેર કરાઈ હતી. જેમાં દાતાઓ દ્વારા ફંડ એકત્ર થયું હતું. બાદમાં વિદ્યાર્થીઓ અને દાતાઓને શીલ્ડ-સન્માનપત્ર આપી સન્માનીત કરાયા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા જનકભાઈ અગ્રાવત, જીતુભાઈ નિમાવત, પ્રવિણભાઈ કુબાવત, ચેતનભાઈ રામાવત, કિશનભાઈ, શૈલષભાઈ સહિત તમામ યુવા ટીમે ભારે જાહેમત ઉઠાવી હતી.

# સા.કુંડલા મધ્યાહ્ન ભોજનના પ્રમુખ પદે ગભરૂભાઈ બોરીચાની વરણી

સાવરકુંડલા, તા.૨૧

સાવરકુંડલામાં કાઠી બોર્ડિંગ ખાતે મધ્યાહ્ન ભોજન સંચાલકોની મિટિંગ મળી હતી. જેમાં ૭૦ જેટલા સંચાલકો દ્વારા મધ્યાહ્ન ભોજન(પીએમ પોષણ યોજના)ના પ્રમુખ પદે સર્વાનુમતે ગભરૂભાઈ એ.બોરીચાની વરણી કરવામાં આવી હતી. આ ઉપરાંત ઉપસ્થિત તમામ સંચાલક મંડળમાંથી કારોબારી કમિટીની રચના કરાઈ હતી. આ તકે હિતુભાઈ ખુમાણ, ખોડુભાઈ રામભાઈ, ચંદુભાઈ નાગર, મનુભાઈ વીંછીયા, મહાવીરભાઈ જીતુભાઈ, અરવિંદભાઈ ચૌહાણ, રમીલાબેન માણદભાઈ, મહેશભાઈ જેબલીયા, અશોકભાઈ શેલાણા, અશોકભાઈ ખુમાણ અને ભયલુભાઈ બસિયાએ ઉપસ્થિત રહી વરણીને આવકારી અભિનંદન પાઠવ્યા હતા.



KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય,
સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.

નીર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨

શ્રી વલ્લભ એન્ટરપ્રાઇઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીની કોઈ અસર નહિ
ઓછા સમયમાં
અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું
એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર,
જિલ્લા પંચાયત રોડ,
અમરેલી





# લુણીધાર ગામે વૃક્ષારોપણ કાર્યક્રમ

જે.એમ. ફાઈનાન્સીયલ
ગ્રામ પંચાયતના વેરા બિલ ઉપર લોન કરી આપીશું
હોમલોન, મોર્ગેજ લોન, પર્સનલ લોન
તમામ પ્રકારની લોન માટે સંપર્ક કરો...
મો.૮૭૮૦૧ ૩૩૪૧૦

અમરેલી, તા.૨૧

આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ગોપાલભાઈ ઈટાલિયાના જન્મદિવસ નિમિત્તે લુણીધાર ગામે જિલ્લા મહામંત્રી રવિભાઈ ધાનાણીની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો.



આ તકે ગ્રામ પંચાયતના સદસ્ય મહેશભાઈ ધાનાણી, સતિષભાઈ વડાલીયા, રવિભાઈ બસીયા સહિતના યુવાનો હાજર રહ્યા હતા.

માત્ર રૂા.૫૦,૦૦૦ ભરીને ગાડીનાં માલીક બનો...
ગુજરાતનાં કોઈપણ જિલ્લામાં મળશે.
સરળ માસિક હપ્તા
આકર્ષક ડીસ્કાઉન્ટ સાથે
રોજગારની ઉત્તમ તક
Supar CARRY CNG
ઓછામાં ઓછું ડાઉન પેમેન્ટ ભરી ગાડીના માલીક બનો.
BOLERO Maxi truck
આકર્ષક એક્ષચેન્જ ઓફર સાથે
રૂા.૧૦,૦૦૦ થી રૂા.૫૦,૦૦૦ સુધીની પર્સનલ લોન માટે અમારો સંપર્ક કરો
માત્ર વિમા અને પાર્સીંગના પૈસા ભરીને ગાડીનાં માલીક બનો...
PETROL & CNG
દરેક કલર હાજરમાં મળશે.
સમર્થ એન્ટરપ્રાઈઝ
જિલ્લા પંચાયત સામે, સરદાર શોપીંગ સેન્ટર,
દુકાન નં. F-50, પહેલો માળ, અમરેલી. – ૩૬૫૬૦૧
Mo. 97234 17506 / 97376 57374 / 84859 17506

-//સાવરકુંડલાના સબડીવીઝનલ મેજીસ્ટ્રેટ ની કોર્ટમાં//-

જન્મ નોંધ પરચુરણ અરજી નં. ૫૩/૨૦૨૨

અરજદાર..(૧)શ્રી અશોકભાઈ ગોકળભાઈ ચોડવડિયા
રે. દોલતી, તા.સાવરકુંડલા, જી. અમરેલી.
(૨)અરજદારના વકીલશ્રી ગોપાલભાઈ જે. વિરાણી
રે. ગણેશ કોમ્પલેક્ષ, મહુવા રોડ, સાવરકુંડલા

-//વિરૂધ્ધ//-

સામાવાળા...તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, નેસડી, તા.સાવરકુંડલા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરાવામાં આવે છે કે અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના દોલતી ગામના રહીશ શ્રી અશોકભાઈ ગોકળભાઈ ચોડવડિયાએ એ તેમના પુત્રી અક્ષિતા અશોકભાઈ ચોડવડિયાનો જન્મ નેસડી મુકામે તા.૦૭/૦૧/૧૯૯૮ના રોજ થયેલ છે. જેની જન્મનોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, નેસડી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની નોંધણી કરી આપવા માંગણી બદલ સામાવાળાએ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે અરજદારના પુત્રી અક્ષિતા અશોકભાઈ ચોડવડિયા ની નોંધ જન્મ રજીસ્ટર સને-૧૯૯૮ માં થયેલ નથી. હાલ સરકારી કચેરી કામે જરૂરીયાત ઉભી થતા, જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત તા.૨૪/૦૮/૨૦૨૨ ના રોજ સવારના ૧૧:૦૦ કલાકે રાખેલ છે. તો વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૩/૦૭/૨૦૨૨ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી,
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
સાવરકુંડલા

MARUTI SUZUKI | HYUNDAI | TATA | TOYOTA | Mahindra
કૌશીકભાઈ ૮૩૪૭૯૨૪૬૦૮
જફરભાઈ ૯૭૩૭૨૬૦૫૧૮
નાગનાથ મોટર્સ
કેશલેશ સુવિધા ઉપલબ્ધ
સેલ્સ - સર્વિસ - ઈન્સ્યોરન્સ
ગાડી જૂની લે-વેચ માટે વિશ્વાસપાત્ર સ્થળ...
તમામ ગાડીનું સર્વિસ વર્ક તેમજ બોડી વર્ક (ઈન્સ્યોરન્સ) તેમજ ઓન રોડ, સર્વિસ, બ્રેક ડાઉન વગેરે વિશ્વાસપાત્ર રીતે કરી આપીશું
લાઠી રોડ, બાયપાસ, આલ્ફા મોટર્સની બાજુમાં, અમરેલી

# દિલીપભાઈ સંઘાણી ગુજકોમાસોલના ચેરમેનપદે બિનહરીફ થતા જનક તળાવિયાએ શુભેચ્છા પાઠવી

અમરેલી, તા. ૨૧



અમરેલીના સહકારી અગ્રણી દિલીપભાઈ સંઘાણી ગુજકોમાસોલમાં ચેરમેન પદે બિનહરીફ જાહેર થતા ભાજપ અગ્રણી જનકભાઈ તળાવિયાએ તેમને શુભેચ્છાઓ સાથે અભિનંદન પાઠવ્યા હતા. દિલીપભાઈ સંઘાણીને ફરી વખત ગુજકોમાસોલના ચેરમેન તરીકેની મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે. આ ઉપરાંત કેન્દ્ર સરકાર દ્વારા ભારતના ખેડૂતો જે જણસોનું ઉત્પાદન કરે છે તેના ટેકાના ભાવ નક્કી કરવા માટે તેમને મહત્વની સમિતિમાં સ્થાન આપવામાં આવ્યું છે.

# સાવરકુંડલામાં ડોક્ટરને 'તું હોસ્પિટલ ચલાવી જો' એમ કહી મારવાની ધમકી

સાવરકુંડલા, તા.૨૧

સાવરકુંડલામાં ડોક્ટર પર હુમલો કરી ગાળો બોલીને ઢીકાપાટુ મારવામાં આવ્યા હતા. ઉપરાંત તું હોસ્પિટલ ચલાવી જો કહીને જાનથી મારી નાંખવાની ધમકી આપવામાં આવી હતી. આ કેસમાં બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી હતી. સાવરકુંડલામાં મહુવા રોડ પર ડોક્ટર હાઉસમાં આવેલી અક્ષર હોસ્પિટલનાં ડૉ. ભાવેશભાઈ પ્રવિણભાઈ ચૌધરી (ઉ.વ.૪૧) એ અવધ મેડિકલ સ્ટોરના કામીલભાઈ તથા તેના ભાગીદાર શરદગીરી ગોસ્વામી સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ ભાવેશભાઈ અક્ષર હોસ્પિટલમાં ડોક્ટર છે અને આરોપીઓ મેડિકલ સ્ટોર ચલાવે છે. તેમણે દર્દીને તપાસીને દવા લખી આપી હતી અને મેડિકલ સ્ટોરમાંથી લેવાની હતી તે સિવાયની દવા આપી હતી. જે બાબતે દર્દીને સમજાવતાં આરોપીઓને સારું નહોતું લાગ્યું. જેને લઈ તેમની ઓફિસમાં આરોપીઓ લોખંડનો પાઈપ લઈને ધસી આવ્યા હતા અને મૂઢમાર માર માર્યો હતો તથા તું હોસ્પિટલ ચલાવી જો તેમ કહીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ શરદગીરી વિનોદગીરી ગોસાઈ (ઉ.વ.૫૦)એ ડો.ભાવેશ ચૌધરી તથા રોહન ગોહીલ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપીની હોસ્પિટલ અને મેડિકલ સ્ટોર તથા ફરિયાદીની મેડિકલની દુકાન બાજુમાં આવેલી છે. તેમના મેડિકલમાંથી દર્દીએ લીધેલ દવા માટે પૂછવા ગયેલ કે આ દવા કઈ છે? જેથી આરોપીને સારૂં નહી લાગતાં ઉશ્કેરાઈ જઈ કામીલભાઈને કાતર ઉંધી રાખી આરોપી રોહનભાઈએ મૂઢમાર માર માર્યો હતો. તેમજ ડો. ચૌધરીએ પણ કામીલભાઈને બેઝબોલના ધોકા વડે માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# રાજુલા ખાતે શહેર-તાલુકા ભાજપની કારોબારી મળી




રાજુલા, તા.૨૧

પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલના કાર્યકાળને બે વર્ષ પુરા થઈ રહ્યા છે. ત્યારે રાજુલા ખાતે શહેર અને તાલુકા ભાજપની કારોબારી બેઠક મળી હતી. જેમાં સંગઠનમાં પેજ સમિતિ સહિતની ચર્ચાઓ કરી સંગઠન મજબૂત કરવા કાર્યકર્તાઓને માર્ગદર્શન અપાયું હતું. આ તકે વિધાનસભા પ્રભારી ભરતભાઈ મેર, પીઠાભાઈ નકુમ, હિરાભાઈ સોલંકી સહિતનાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજુલામાંથી સાત, વડલી ગામેથી ચાર જુગારી ઝડપાયા: ચાર ફરાર

અમરેલી, તા.૨૧



અમરેલી જિલ્લામાં પોલીસે બે સ્થળેથી ૧૧ જુગારીને ઝડપી લીધા હતા. જ્યારે ચાર જુગારી પોલીસને જોઈ ફરાર થઈ ગયા હતા. રાજુલામાં તત્વજ્યોતિ વિસ્તારમાં મેલડી માતાના મંદિર પાસે ખુલ્લી જગ્યામાં જુગાર રમતાં સાત ઈસમો રોકડા ૧૬,૭૦૦ સાથે પકડાયા હતા. જ્યારે બે ખેલી પોલીસને થાપ આપી નાસી છુટ્યા હતા. રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી.એમ.વાળા વધુ તપાસ કરી રહ્યા છે. વડલી ગામે નીહાર સીમ વિસ્તારમાંથી ચાર ઈસમો જાહેરમાં ગંજી પત્તાના પાના વડે તીન પત્તીનો જુગાર રમતાં રોકડા ૧૦,૧૫૦ સાથે મળી આવ્યા હતા. રેઈડ દરમિયાન બે જુગારી નાસી ગયા હતા. પોલીસે ટોર્ચ સહિત રૂ.૧૦,૨૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

# ઓટો રીક્ષા તથા મોટર સાયકલ લઈ ચોરીનો સામાન વેચવા નીકળેલી ટોળકીને એલસીબીએ ઝડપી

અમરેલી, તા.૨૧



અમરેલી એલસીબી ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે મળેલી ચોક્કસ બાતમીના આધારે ઓટો રીક્ષા તથા મોટર સાયકલ લઈને ચોરીનો સામાન વેચવા નીકળેલી ટોળકીને ઝડપી લીધી હતી. એલસીબી ટીમે સાવરકુંડલામાં રહેતા મહેશ ઉર્ફે મયલો જયંતીભાઈ મકવાણા (ઉ.વ.૨૫), અફઝલભાઈ મુસ્તાકભાઈ કુરેશી (ઉ.વ.૨૫) તથા સલીમભાઈ કાસમભાઈ રાઠોડ (ઉ.વ.૩૪)ને ઝડપી તેમની પાસેથી ચાર નંગ સબમર્સિબલ મોટર, એક સ્પ્લેન્ડર પ્લસ અને એક ઓટો રીક્ષા મળી કુલ ૧,૩૫,૦૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આરોપી સલીમભાઈ રાઠોડ સામે સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે. આરોપીઓએ પૂછપરરછ દરમિયાન તેમણે ચાર મહિના પહેલા સાવરકુંડલાના મોટા બસસ્ટેશન પાસે આવેલ પાણી પુરવઠા વિભાગના ગોડાઉનમાંથી ચોરી કર્યાની કબૂલાત કરી હતી.

# અમરેલી જીમ સંચાલિકા અને તેના પતિ સાથે ડીસાના બે યુવકોએ છેતરપિંડી કરી

## રૂા. ૩.૮૬ લાખ રોકડા એક વર્ષમાં પરત કરી દેવાનો વાયદો કર્યો હતો.

અમરેલી, તા.૨૧

અમરેલી શહેરમાં રહેતા એક દંપતીને વિશ્વાસમાં રૂપિયા આપવાનું ભારે પડ્યું હતું. બે આરોપીએ એક વર્ષમાં રૂપિયા પરત આપવાનું કહીને નહીં આપીને વિશ્વાસઘાત કર્યો હતો. આ અંગે પ્રાર્થના ફિટનેસ જીમના માલિક કેતકીબેન નિતેશકુમાર રાઠોડ (ઉ.વ.૪૧)એ બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાના ડીસા ખાતે રહેતા જિતેન્દ્રભાઈ અમૃતલાલ મહેતા તથા મિલનભાઈ અમૃતલાલ મહેતા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ બંને આરોપીએ તેમની પાસેથી બે લાખ રૂપિયા ચેકથી અને તેમના પતિ પાસેથી ૩.૮૬ લાખ રૂપિયા એક વર્ષમાં પરત કરી દેવાનો વાયદો કરી લીધા હતા. સમય વીતી જવા છતાં એક પણ રૂપિયા પરત નહીં કરીને વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના સબ ઈન્સ્પેક્ટર પી.વી.સાંખટ વધુ તપાસ કરી રહ્યા છે.

# જિલ્લામાં આઠ મહિલા સહિત ૨૫ લોકો પાસેથી પીવાનો દેશી દારૂ મળ્યો

## દારૂ બનાવવાનો ૧૫૦ લિટર આથો રેઈડ દરમિયાન મળ્યો

અમરેલી, તા.૨૧

અમરેલી જિલ્લામાં પ્રોહિબીશનની બદીને દૂર કરવા તંત્ર દ્વારા કડક કામગીરી કરવામાં આવી છે. જિલ્લામાં વિવિધ સ્થળેથી આઠ મહિલા સહિત ૨૫ લોકો પાસેથી પીવાનો દેશી દારૂ મળ્યો હતો. સાવરકુંડલામાં એક યુવકના ઘરેથી દેશી દારૂ બનાવવાનો ૧૫૦ લિટર આથો રેઈડ દરમિયાન મળ્યો હતો. બાબરામાંથી પાંચ સહિત જિલ્લામાં વિવિધ સ્થળેથી ૨૦ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ઝડપાયા હતા. બગસરામાંથી બે અને સાવરકુંડલામાંથી એક ઈસમ મળી કુલ ત્રણ શખ્સો કેફી પીણું પીને વાહન ચલાવતાં ઝપટે ચડ્યા હતા.

# બાબરામાં સાઈટ પરથી જનરેટર કેબલ સહિત ૮ મોબાઈલની ચોરી

બાબરા, તા.૨૧

બાબરામાં કોઈ જાણભેદુએ સાઈટ પરથી ૪૦ ફૂટ જનરેટર કેબલ, ૮ મોબાઈલ અને રોકડાની ચોરી કરી હતી. આ અંગ સુખપુર ગામે રહેતા કિશોરભાઈ નજુભાઈ ચાવડા (ઉ.વ.૩૮)એ અજાણ્યા ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તા.૨૮/૦૬/૨૦૨૨ ના રાત્રીના ૧૧.૦૦ કલાક થી તા.૨૯/૦૬/૨૦૨૨ ના સવારના ૦૬.૦૦ કલાક સુધીમાં તેમની સાઈટ ઉપર આવેલ જનરેટરનો આશરે ૪૦ ફૂટ કેબલ, મજૂરોના અલગ-અલગ કંપનીના ૮ નંગ મોબાઈલ ફોન તથા રોકડા રૂ.૫૦૦૦ મળી કુલ ૨૫,૫૦૦ રૂપિયાના મુદ્દામાલની કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી ફરાર થઈ ગયો હતો. બાબરા પોલીસ સ્ટેશનના સબ ઈન્સ્પેક્ટર વી.સી.બોરીચા વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૮, શાલિવાહન શક-૧૯૪૨, વીર સંવત-૨૫૪૭, ઇસ્લામીક સંવત-૧૪૪૩, તિથિ: નોમ, તા.૨૨-૦૭-૨૦૨૨, શુક્રવાર, સૂર્યોદય-૦૫:૩૬, સૂર્યાસ્ત-૭:૧૮, જૈન નવકારશી-૮-૧૦, નક્ષત્ર: ભરણી

## દૈનિક રાશિફળ

તા.૨૨-૦૭-૨૦૨૨ શુક્રવાર

મેષ: આજે ક્ષેત્રમાં યોગ્યતા વિકસાવવાથી લાભ થશે અને નવી તકો પણ પ્રાપ્ત થશે. તમે આજે ધંધામાં રોકાણ કરી શકો છો. તેમાં લાભનો યોગ છે.

વૃષભ: આજે તમારા વ્યવસાય અને કાર્યક્ષેત્રમાં મિશ્ર અસર રહેશે. તમે તમારી બુદ્ધિ અને સમજણથી ઘણી જટિલ બાબતોને ઉકેલશો.

મિથુન: આજનો દિવસ રોમેન્ટિક બની શકે છે, તમે આનંદની ક્ષણો માણશો. જૂના વિવાદો અને નુકસાનને ભૂલી જવાનો દિવસ પણ છે.

કર્ક: આ દિવસે તમે જે કામ કરવા માગો છો તેમાં મૂંઝવણ રહેશે. પરંતુ જે પણ કામ એક ચિત્તે કરવામાં આવશે, તેમાં વિજય ચોક્કસ મળશે.

સિંહ: આજે તમારે કેટલાંક કેસમાં નિરાશ થવું પડી શકે છે. બિઝનેસમાં કોઈપણ ડીલમાં વિક્ષેપ આવી શકે છે.

કન્યા: આજે તમે બિઝનેસમાં સફળતા મેળવવા માટે સખત મહેનત કરશો અને તમારી મહેનત પણ રંગ લાવશે.

તુલા: આજે કોઈ અનુભવી અને વરિષ્ઠ વ્યક્તિની સલાહને અનુસરીને પણ તમને લાભ મળશે.

વૃશ્ચિક: ઓફિસનું વાતાવરણ થોડું ગંભીર રહેશે, જે તમને માનસિક રીતે વિચલિત કરી શકે છે. વાતાવરણને જીવંત બનાવવાનો પ્રયત્ન કરશો.

ધનુ: વિવાહિત જીવન આજે સુખી રહેશે. આજે તમે તમારા જીવનસાથી અને પરિવારને પૂરો સમય આપી શકશો, જે યાદગાર ક્ષણ હશે.

મકર: આજનો દિવસ તમારી કસોટીનો રહેશે. તમે સખત મહેનત સાથે જે પણ કરો છો તે ખૂબ સારું પરિણામ લાવશે.

કુંભ: આજનો દિવસ તમારી પરીક્ષાનો રહેશે. તમે સખત મહેનત સાથે જે પણ કરો છો તે ખૂબ સારું પરિણામ લાવશે.

મીન: આજે તમે ઓફિસમાં અધિકારીઓની મદદથી તમામ પ્રકારની સમસ્યાને ઉકેલી શકશો. સાથીઓ તમારા કાર્યથી પ્રભાવિત થશે.

# સા.કુંડલામાં સોપારીના વેપારી સાથે રૂા. ૧૦ લાખની ઠગાઈ

સાવરકુંડલા, તા.૨૧

સાવરકુંડલામાં રહેતા એક વેપારી સાથે સોપારી ખરીદવાના બહાને છેતરપિંડી કરવામાં આવી હતી. આ અંગે તેણે આસામના વેપારી સામે ફરિયાદ નોંધાવી હતી. આ અંગે પ્રવિણભાઈ રામજીભાઈ સોંલકી (ઉ.વ.૪૫) એ આસામમાં રહેતા સુએલ અહેમદ લશ્કર (ઉ.વ.૩૦) સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસ ચોપડે જાહેર થયેલી વિગત પ્રમાણે, પ્રવિણભાઈએ નવેમ્બર, ૨૦૨૧માં આસામ જઈ આરોપી પાસેથી રૂ.૧૬ લાખમાં સોપારી લેવાનો સોદો નક્કી કર્યો હતો. જે પૈકી તેમણે ૧૦ લાખ તેમના માસીના દીકરાના એકાઉન્ટ મારફતે આરટીજીએસથી ટ્રાન્સફર કર્યા હતા. આ પછી આરોપીએ ફોન બંધ કરી દીધો હતો અને સોપારી મોકલી નહોતી કે પૈસા પણ પરત ન કરીને વિશ્વાસઘાત કર્યો હતો. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના સબ ઈન્સ્પેક્ટર જીતેન્દ્રસિંહ ઝાલા વધુ તપાસ કરી રહ્યા છે.

## અવસાન નોંધ

**અમરેલી**

અમરેલી નિવાસી સાઠોદરા નાગર બ્રાહ્મણ હંસાબેન ઠાકર (ઉ.વ.૭૫) તે વિનોદરાય ઠાકરના ધર્મપત્ની, દેવાંગભાઈ ઠાકર, ધવલભાઈ ઠાકર, પ્રીતિબેન જયેશભાઈ ઓઝા (જૂનાગઢ)ના માતા, વિશ્વમ અને પ્રિયમના દાદીમા તા. ૨૧ને ગુરુવારના રોજ કૈલાસવાસી થયા છે. સદ્દગતનું બેસણું તા. ૨૩ને શનિવારના રોજ સાંજના ૪થી ૬ સંઘવી ધર્મશાળા, બીપીએમ સાયકલ સ્ટોર પાસે, મેઈન રોડ, અમરેલી ખાતે રાખેલ છે.

**નાયબ કલેક્ટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.લાઠી**

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૨૩/૨૨ તા.૧૧/૦૭/૨૦૨૨

વિવાદી :- શ્રી પરમાર બાલાભાઈ કાનાભાઈ
રે.ભુરખીયા, તા.લાઠી, જિ. અમરેલી

**વિરૂધ્ધ**

પ્રતિવિવાદી :- જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-ત.ક. શ્રી ભુરખીયા
ગ્રામ પંચાયત,ભુરખીયા, તા.લાઠી, જિ.અમરેલી

**//જાહેર નોટીસ//**

(મરણનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.ભુરખીયા ગામના રહીશ આ કામના અરજદારશ્રી પિતા શ્રી કાનાભાઈ જીણાભાઈ પરમાર નું તા. ૦૫/૦૫/૨૦૦૫ ના રોજ ભુરખીયા મુકામે અવસાન થયેલ હોય જે તે સમયે તેમના મરણની નોંધ કરાવેલ ન હોય/મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી મરણની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૩૧/૦૫/૨૨ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ૦૧/૦૮/૨૦૨૨ ના રોજ બપોરના ૧૫:૦૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

સહી,
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
લાઠી.






**તંત્રી સ્થાનેથી**

# ઈન્ટરનેટની સ્પીડ હવે ૨૦ ગણી વધી જશે!!

ઈન્ટરનેટને સુપરફાસ્ટ બનાવતી 5Gની શરૂઆત ગાંધીનગરથી થશે. 5Gને કારણે ઈન્ટરનેટની સ્પીડ ૨૦ ગણી વધી જશે. એક સમયે ઈન્ટરનેટ એટલું ધીમું હતું કે માત્ર એક ઈમેજને સેવ કરવી હોય તો કોમ્પ્યુટરને સેવનો કમાન્ડ આપીને લોકો ચા પાણી પીવા જતા અને ચા પાણી પીને આવે તો પણ આ ઈમેજ કદાચ સેવ ન પણ થઈ હોય એવુ બનતું! એક સમય એવો હતો કે માત્ર એક ઈમેજને સેવ કરવા માટે ૩૫ મિનિટ લાગતી.! આ જમાનો પૂરો થયો અત્યારે આપણે આપણા સૌના કોમ્પ્યુટર ફોર જી ઉપર ચાલે છે પરંતુ હવે કોમ્પ્યુટરની ઈન્ટરનેટની સ્પીડ ૨૦ ગણી વધી જશે તેનો શુભારંભ ગુજરાતમાં ગાંધીનગરથી થઈ રહ્યો છે. ટૂંક સમયમાં આપણા સૌના કોમ્પ્યુટર અને મોબાઈલ અત્યારે ચાલે છે તેના કરતાં ૨૦ ગણી વધુ સ્પીડથી ચાલતા થઈ જશે પરંતુ એની સામે સૌથી મોટો ગેરફાયદો એ થશે કે તેમાં તમારા ડેટાનો કચ્ચરઘાણ બોલી જશે!!! 2G, 3G અને 4G બાદ ઈન્ટરનેટની દુનિયા હવે 5G ની સુપરફાસ્ટ ઝડપે ચાલવા લાગશે. 2G એટલે ઘોડાગાડી અને 5G એટલે બુલેટ ટ્રેઈન! 5G નેટવર્ક લૉન્ચ કરવાની રેસમાં દક્ષિણ કોરિયાએ અમેરિકા અને ચીનને પછાડીને બાજી મારી લીધી છે. આમ તો દક્ષિણ કોરિયાએ પાંચમી એપ્રિલે દેશભરમાં 5G સેવાઓ શરૂ કરવાની જાહેરાત કરી હતી પરંતુ તેણે બે દિવસ પહેલાં જ એટલે કે ત્રીજી એપ્રિલે જ આ સેવા આરંભી દીધી. મોબાઈલ સેવાઓમાં સૌથી ઝડપી ડેટા ટ્રાન્સફર શકય હોય તેવી પાંચમી જનરેશન (5G) સેવાનો દેશમાં ગુજરાતના પાટનગર ગાંધીનગર ખાતેથી પ્રારંભ થશે. આ સેવા દેશને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સમર્પિત કરશે અને તા.૧૫ ઓગસ્ટના રોજ દેશની આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે ત્યારે શરૂ થશે એવું જાણવા મળી રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી લાલ કિલ્લા ઉપર સ્વતંત્રતા દિવસની ઉજવણી બાદ ગુજરાત આવશે અને સેવાઓનો પ્રારંભ કરે તેવી શક્યતા છે. દેશમાં 5G સેવાઓ માટે સ્પેક્ટ્રમની નિલામી આ સપ્તાહમાં શરૂ થવાની છે અને તેમાં રિલાયન્સ જીયો, વોડાફોન આઈડિયા અને એરટેલ ઉપરાંત અદાણી જૂથે પણ બિડિંગ કરવા માટે રસ દાખવ્યો છે. જોકે, અદાણીએ આ સ્પેક્ટ્રમ ખરીદી માત્ર એન્ટરપ્રાઈસ સેવાઓ આપવા માટે જ કરવાની જાહેરાત કરી છે એટલે ગ્રાહકોને તો માત્ર ત્રણ કંપનીઓ તરફથી જ સેવા મળશે. લૉંચ પહેલા ગુજરાતમાં 5G સેવાઓનું ટેસ્ટિંગ ગાંધીનગર, જામનગર અને વડોદરામાં થયું હતું. જામનગર ખાતે રિલાયન્સ જીયો અને ગાંધીનગર ખાતે વોડાફોન દ્વારા ટેસ્ટ થયા હતા. વડાપ્રધાન મોદી આ સેવા શરૂ કરે એ પહેલા વોડાફોન અને જીયો યુદ્ધના ધોરણે તેના લૉંચ માટે તૈયારી કરી રહ્યા હોવાનું જાણવા મળ્યું છે. સૂત્રોએ જણાવ્યું હતું કે ગાંધીનગર ખાતે આવેલા મહાત્મા મંદિરમાં આ સેવાઓ શરૂ કરવા માટે અત્યારે કામગીરી થઈ રહી છે. અત્યારે કોઈ કંપની પાસે 5Gની સેવા માટે સ્પેક્ટ્રમ ઉપલબ્ધ નથી. નિલામી પછી વિજેતા કંપનીઓને તાકીદે સ્પેક્ટ્રમ ફાળવવા માટે PMO અને ટેલિકોમ ડિપાર્ટમેન્ટ કામગીરી કરી રહ્યા છે જેથી તા.૧૫ ઓગસ્ટના તેનું લૉંચિંગ થઈ શકે. 2G, 3G અને 4G બાદ ઈન્ટરનેટની દુનિયા હવે 5G ની સુપરફાસ્ટ ઝડપે દોડવા થનગની રહી છે. દક્ષિણ કોરિયામાં મોબાઈલ સેવા આપતી ત્રણ કંપનીઓએ 5G નેટવર્કનો આરંભ કર્યો તો અમેરિકા પણ આ રેસમાં પાછળ નથી. અમેરિકાના શિકાગો સહિતના બે શહેરોના કેટલાક વિસ્તારોમાં ૫૯ સેવા શરૂ કરવામાં આવી છે. 5G નેટવર્ક આવ્યા બાદ ઈન્ટરનેટની સ્પીડ 4G નેટવર્ક કરતા ૨૦ ગણી વધી જશે. અત્યારે ચાલી રહેલા 4G નેટવર્કની મહત્તમ સ્પીડ ૪૫ મેગાબાઈટ પ્રતિ સેકન્ડ ( એમબીપીએસ ) રેકોર્ડ થઈ છે જ્યારે 5G નેટવર્કમાં આ સ્પીડ ૧ ગીગાબાઈટ પ્રતિ સેકન્ડ ( જીબીપીએસ ) જેટલી થઈ જશે.

૧ ગીગા બાઈટમાં ૧૦૨૪ મેગા બાઈટ હોય એ હિસાબે અઢી કલાકની હાઈ ક્વોલિટી ફિલ્મ માત્ર એક સેકન્ડમાં ડાઉનલોડ થઈ જશે. જાણકારો માની રહ્યાં છે કે 5G નેટવર્ક આવ્યા બાદ દુનિયા અભૂતપૂર્વ ઝડપથી દોડવા લાગશે. 5G ટેકનિકને લાગુ કરવા માટે દુનિયાભરના અગ્રણી દેશોમાં ઘણાં સમયથી હોડ મચી છે. ચીન અને અમેરિકા અત્યાર સુધી આ રેસમાં મેદાન મારી જશે એવું જણાતું હતું પરંતુ દક્ષિણ કોરિયાએ હાલ આ બંને દેશોને પાછળ મૂકી દીધા છે. એક રીતે જોતા તો દક્ષિણ કોરિયાએ 5G નેટવર્ક અપનાવીને પોતાની અર્થવ્યવસ્થાને સુપર ફાસ્ટ રેસ ટ્રેક પર મૂકી દીધી છે.

# 5G સ્માર્ટફોન હશે તો જ 5Gની સુપર ફાસ્ટ સ્પીડ મળશે!!!

**પ્રાસંગિક**

સુરેશ દેસાઈ

જીવન અને જગત પરિવર્તનશીલ છે આવતીકાલનો સૂરજ ઉગે અને દુનિયા બદલાઈ જાય એવું ચોક્કસ બની શકે. ટેકનોલોજીની દુનિયામાં પણ ખૂબ જ ટૂંકા ગાળામાં માની ન શકાય તેવા ક્રાંતિકારી ફેરફારો થઈ રહ્યા છે તેમાંનો એક ફેરફાર એટલે ઈન્ટરનેટ અત્યારે જે સ્પીડમાં ચાલે છે તેના કરતાં તેની સ્પીડ ૨૦ ઘણી વધી જશે મતલબ કે નજીકના ભવિષ્યમાં આપણા ગુજરાતમાં જ 5G ઈન્ટરનેટ સર્વિસનો પ્રારંભ થઈ રહ્યો છે આ માટે વડાપ્રધાન ગુજરાતમાં આવી રાષ્ટ્રને આ સેવા સમર્પિત કરશે. હાલ આપણા કોમ્પ્યુટર અને આપણા મોબાઈલ ફોન જે સ્પીડમાં ચાલે છે તે ફોરજી છે આ ફોરજીના ફોન નજીકના ભવિષ્યમાં જુના પુરાણા બની જશે કારણ કે ફોરજી ના ફોનમાં 5G ઈન્ટરનેટની સ્પીડ કદાપી આવી શકે નહીં માટે જો તમારે 5G ની સ્પીડ જોતી હોય તો તમારો ફોન પણ 5G હોવો જોઈએ. એનો મતલબ એવો નથી કે આપણા ફોરજી ફોન નકામા બની જશે આ ફોન પણ ચાલશે પરંતુ તે ફોરજીની સ્પીડમાં જ ચાલશે અને જે સ્પીડ અત્યારે મળે છે એ સ્પીડ જ મળશે એમાં કોઈ વધારો નહીં થઈ શકે. જો તમારે આ ટેકનોલોજીનો લાભ લેવો હોય તો તમારી પાસે 5G સ્માર્ટફોન હોવો જોઈએ. અહીં મોટી મુશ્કેલી એ છે કે ફાઈવજી સ્માર્ટફોન સસ્તો નહીં મળે તેની કિંમત ખૂબ ઊંચી હશે માટે જેની પાસે ફાઈવજી સ્માર્ટફોન હશે તેને જ આ સુપરફાસ્ટ સ્પીડનો લાભ મળશે બાકીના તમામ ફોન ચાલશે ખરા પરંતુ તે ફોરજીની સ્પીડમાં ચાલશે મતલબ કે અત્યારે જે સ્પીડમાં આપણા ફોન ચાલે છે એમાં કોઈ જ વધારો થશે નહીં. હવે આપણે આ 5G ટેકનોલોજી વિશે વિશેષ જાણીએ. 5G ટેકનોલોજીમાં હાલ 4Gમાં મળતી સ્પીડ કરતા ૨૦ ગણી ઝડપે ઈન્ટરનેટ દોડશે જેના કારણે અઢી કલાકની હાઈ ક્વોલિટી ફિલ્મ માત્ર એક સેકન્ડમાં ડાઉનલોડ થઈ જશે, તો લાઈવ ગેમની માણવાની મજા પણ બમણી થઈ જશે. 2G, 3G અને 4G બાદ ઈન્ટરનેટની દુનિયા હવે 5Gની સુપરફાસ્ટ ઝડપે દોડવા લાગશે.

5G નેટવર્ક લૉન્ચ કરવાની રેસમાં દક્ષિણ કોરિયાએ અમેરિકા અને ચીનને પછાડીને બાજી મારી લીધી છે. આમ તો દક્ષિણ કોરિયાએ પાંચમી એપ્રિલે દેશભરમાં 5G સેવાઓ શરૂ કરવાની જાહેરાત કરી હતી પરંતુ તેણે બે દિવસ પહેલાં જ એટલે કે ત્રીજી એપ્રિલે જ આ સેવા આરંભી દીધી. દક્ષિણ કોરિયામાં મોબાઈલ સેવા આપતી ત્રણ કંપનીઓએ 5G નેટવર્કનો આરંભ કર્યો તો અમેરિકા પણ આ રેસમાં પાછળ નથી. અમેરિકાના શિકાગો સહિતના બે શહેરોના કેટલાક વિસ્તારોમાં 5G સેવા શરૂ કરવામાં આવી છે. 5G નેટવર્ક આવ્યા બાદ ઈન્ટરનેટની સ્પીડ 4G નેટવર્ક કરતા ૨૦ ગણી વધી જશે. અત્યારે ચાલી રહેલા 4G નેટવર્કની મહત્તમ સ્પીડ ૪૫ મેગાબાઈટ પ્રતિ સેકન્ડ (એમબીપીએસ) રેકોર્ડ થઈ છે જ્યારે 5G નેટવર્કમાં આ સ્પીડ ૧ ગીગાબાઈટ પ્રતિ સેકન્જ (જીબીપીએસ) જેટલી થઈ જશે. ૧ ગીગા બાઈટમાં ૧૦૨૪ મેગા બાઈટ હોય એ હિસાબે અઢી કલાકની હાઈ ક્વોલિટી ફિલ્મ માત્ર એક સેકન્ડમાં ડાઉનલોડ થઈ જશે. જાણકારો માની રહ્યાં છે કે 5G નેટવર્ક આવ્યા બાદ દુનિયા અભૂતપૂર્વ ઝડપથી દોડવા લાગશે. 5G ટેકનિકને લાગુ કરવા માટે દુનિયાભરના અગ્રણી દેશોમાં ઘણાં સમયથી હોડ મચી છે. ચીન અને અમેરિકા અત્યાર સુધી આ રેસમાં મેદાન મારી જશે એવું જણાતું હતું પરંતુ દક્ષિણ કોરિયાએ હાલ આ બંને દેશોને પાછળ મૂકી દીધા છે. એક રીતે જોતા તો દક્ષિણ કોરિયાએ 5G નેટવર્ક અપનાવીને પોતાની અર્થવ્યવસ્થાને સુપર ફાસ્ટ રેસ ટ્રેક પર મૂકી દીધી છે. જે રીતે 3G નેટવર્ક આવ્યા બાદ મોબાઈલ અને ઈન્ટરનેટે તેજી પકડી, 4G આવ્યા બાદ મોબાઈલ એપ્સના માધ્યમ દ્વારા બજારમાં જોરદાર પ્રતિસ્પર્ધા જામી અને ફેસબુકથી માંડીને ઘડિયાળના ટકોરે મનગમતી રેસ્ટોરન્ટમાંથી મનગમતો ફૂડ હાજર કરી દેતી સેવાઓ અમલમાં આવી તેમ 5G નેટવર્ક આવ્યા બાદ દુનિયા હરણફાળ ભરશે. ટેકનોલોજીની ભાષામાં 5Gનો અર્થ છે ફિફ્થ જનરેશન નેટવર્ક એટલે કે ઈન્ટરનેટ જોડાણની પાંચમી પેઢી જે ૨૦૧૦માં આવેલા 4G નેટવર્કના નવેક વર્ષ બાદ મેદાનમાં આવ્યું છે. 5G નેટવર્કના બે સૌથી મોટા ફાયદા છે ડાઉનલોડ સ્પીડ અને ડેટા ટ્રાન્સફર. 5Gમાં આગળ જતા ડાઉનલોડની સ્પીડ ૧૦ ગીગા બાઈટ પ્રતિ સેકન્ડ પણ થશે.


મતલબ કે પાંચ જીબીની ડીવીડી માત્ર અડધી સેકન્ડમાં ડાઉનલોડ થઈ જશે. એટલું જ નહીં 4K વીડિયો ક્વોલિટી પણ આંખના પલકારામાં ડાઉનલોડ થઈ જશે. 4K એક




હાઈ રિઝોલ્યુશન ડિજિટલ ફોર્મેટ છે જેનો વપરાશ કમર્શિયલ ડિજિટલ સિનેમામાં થાય છે. 5G નેટવર્કમાં વાઈફાઈની સ્પીડ પણ ગજબની મળશે. શરૂઆતમાં તો 5G નેટવર્ક ઉચ્ચ ગુણવત્તાના જીવંત પ્રસારણને સક્ષમ બનાવશે જેના કારણે ઈન્ટરનેટ પર લાઈવ સ્પોર્ટ્સ જોવાની મજા પડી જશે. તો ક્લાઉડ ગેમિંગમાં રસ ધરાવતા લોકો માટે પણ 5Gનો અનુભવ અદભુત સાબિત થશે. આ ઉપરાંત મેપિંગ અને શોપિંગ એપ્સમાં પણ ગજબનો સુધારો જોવા મળશે. દૂરથી થતી સર્જરી તેમજ હોલોગ્રાફિક વીડિયો કૉલ્સની સેવાને પણ 5G નેટવર્ક બહેતર બનાવશે. શરૂઆતમાં કદાચ વપરાશકર્તાઓને વધારે ફાયદો ન મળે કારણ કે હજુ સુધી 5G સાથે કામ પાર પાડી શકે એવા સ્માર્ટફોન વધારે ઉપલબ્ધ નથી. ગયા વર્ષે દક્ષિણ કોરિયામાં યોજાયેલા વિન્ટર ઓલિમ્પિક્સ જોવા પહોંચેલા દર્શકોએ 5Gનો ઉપયોગ કરવાના પ્રયાસ કર્યા હતાં. લોકોએ રિયલ ટાઈમ વીડિયો લેવાના પ્રયાસ કર્યા હતાં પરંતુ 4G ફોન વડે 5G સ્પીડ હાંસલ કરવી શક્ય બની નહોતી અને બફરિંગ જેવી સમસ્યાઓ ઉદભવી હતી. એક સમસ્યા એ પણ છે કે આજે પણ દુનિયાના ઘણા દેશો એવા છે જ્યાં 3G કે 4G જેવી ટેકનિક પણ પહોંચી નથી. તો કેટલાક દેશો એવા છે જ્યાં 4Gના આ જમાનામાં આજે પણ 3G નેટવર્કનો મજબૂત સ્તંભ છે. તો કેટલાક વિકાસશીલ દેશો આજે પણ 2Gના સહારે નભી રહ્યાં છે. ટેલિકોમ કંપનીઓ ઉપરાંત બીજા અનેક વ્યવસાયોમાં 5G ટેકનિક અનેક રીતે મદદરૂપ સાબિત થશે. ટેકનોલોજીની દુનિયામાં હાલ સેલ્ફ ડ્રાઈવ કાર એટલે કે ડ્રાઈવર વિના જાતે ચાલે એવી કારથી લઈને રોબોટ અને ડ્રોનના વિકાસ પર કામ ચાલી રહ્યું છે. 5G નેટવર્ક આવ્યા બાદ આ ક્ષેત્રોમાં ભારે તેજી વ્યાપશે. 5G નેટવર્કની મદદ વડે સેલ્ફ ડ્રાઈવ કાર રિયલ ટાઈમ ટ્રાફિકનો ડેટા મેળવી શકશે અને ભીડભાડભરી સડકો પર જાતે જ ઝડપથી માર્ગ કાઢી શકશે. આજે ઔદ્યોગિક ઉત્પાદનોમાં ઓટોનોમસ મશીન એટલે કે માનવીની મદદ વિના જાતે જ કામ પાર પાડી દેતા મશીનોનો વપરાશ વધ્યો છે એમાં પણ 5G નેટવર્ક આવ્યા બાદ વધારે સારા પરિણામો પ્રાપ્ત થશે. એક અંદાજ મુજબ 5G નેટવર્ક આવ્યા બાદ વૈશ્વિક અર્થવ્યવસ્થામાં ૫૬૫ અબજ ડોલરની વૃદ્ધિ થશે. આટલો જંગી લાભ ખાટવા માટે અનેક દેશોમાં પરસ્પર પ્રતિસ્પર્ધા વધી રહી છે. ચીન અને અમેરિકા વચ્ચે 5G ટેકનિકને લઈને ચાલી રહેલી રેસે કડવાશ ધારણ કરી લીધી છે.

અમેરિકાએ પોતાના ટેલિકોમ ઓપરેટરોને ખાસ સૂચના આપી છે કે તેઓ 5G સેવાઓ માટે હુઆવે જેવી ચીની કંપનીઓની મદદ ન લે. આ માટે સુરક્ષાના કારણો આગળ ધરવામાં આવ્યા છે. જો ચીની કંપનીઓના સ્માર્ટફોન વપરાય તો તેમની પહોંચ અમેરિકાના 5G નેટવર્ક સાથે જોડાયેલા તમામ ક્ષેત્રો સુધી બની જાય જે અમેરિકાની આંતરિક સુરક્ષા માટે ખતરાસમાન છે. હૂઆવે કંપનીને લઈને ચીન અને અમેરિકા વચ્ચેના સંબંધો ઘણા વણસ્યા છે. હકીકતમાં હુઆવે કંપનીના ફોનનો ઉપયોગ ચીન જાસૂસી ઉપકરણ તરીકે કરી શકે છે. અમેરિકાના પગલે ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડ જેવા દેશોએ પણ હુઆવેના સ્માર્ટફોન પર પ્રતિબંધ મૂકી દીધો છે. હકીકતમાં 5G નેટવર્કમાં સુરક્ષાને લઈને જે સવાલ થઈ રહ્યાં છે એ ગેરવાજબી પણ નથી. સૈદ્ધાંતિક રીતે સંચાર માધ્યમો માટે મહત્ત્વપૂર્ણ ટેકનિક પર નિયંત્રણ હોવાનો અર્થ છે કે ઓપરેટર જાસૂસી કે સંચાર માધ્યમોનું સંચાલન અવરોધી શકે છે. સીધી વાત છે કે જીવંત ટ્રાફિક સહિતની સેવાઓ જ્યારે 5G નેટવર્ક સાથે સંકળાયેલી હોય ત્યારે બીજો દેશ એ ટેકનિકનો ઘણો દુરુપયોગ પણ કરી શકે છે. એમાંયે 5G નેટવર્ક આવ્યા બાદ તો તમામ ઘરેલુ ચીજવસ્તુઓ પણ ઈન્ટરનેટ સાથે જોડાઈ જશે ત્યારે સુરક્ષાની સમસ્યા ઓર વકરી શકે છે. જોકે 5G નેટવર્કની રેસમાં ચીન અમેરિકા કરતા ખાસું આગળ છે. જે ચીની કંપની પર અમેરિકાએ પ્રતિબંધ મૂક્યો છે એ હુઆવે પાસે જ 5Gની ૧૫૨૯ જેટલી પેટન્ટ છે. જો આમાં ઓપ્પો અને ઝેડટીઈ જેવી કંપનીઓ પણ સામેલ કરવામાં આવે તો 5Gના ક્ષેત્રમાં ૩૪૦૦ જેટલી પેટન્ટ ચીન પાસે છે. તો દક્ષિણ કોરિયા પાસે ૨૦૫૧ પેટન્ટ છે અને અમેરિકન કંપનીઓ પાસે ૧૩૬૮ પેટન્ટ છે. હાલ દક્ષિણ કોરિયાના ત્રણેય મોબાઈલ ઓપરેટરોએ 5G સેવા આપવાની શરૂઆત કરી છે. 5G નેટવર્ક દ્વારા એક ચોરસ કિલોમીટરના વ્યાપમાં દસ લાખ મોબાઈલ કનેક્ટ થઈ શકે છે. એક અંદાજ પ્રમાણે દક્ષિણ કોરિયાના ૩૦ લાખ લોકો આ વર્ષના અંત સુધીમાં 5G નેટવર્ક સાથે જોડાશે. અમેરિકામાં કેટલાક સ્થળોએ 5G વાઈફાઈ હોટસ્પોટ આપવામાં આવી રહ્યાં છે. તો કતાર દેશના પાટનગર દોહામાં પણ એક મોબાઈલ કંપનીએ 5G નેટવર્કની શરૂઆત કરી છે પરંતુ મજાની વાત એ છે કે એ દેશમાં 5G ફોન જ ઉપલબ્ધ નથી. આ વર્ષના અંત સુધીમાં અમેરિકાના ૩૦ જેટલા શહેરોમાં 5G નેટવર્ક ચાલુ થઈ જશે. તો જાપાન પણ ટૂંક સમયમાં 5G નેટવર્ક લોન્ચ કરવાનું છે. ભારતમાં હાલ 4G નેટવર્કનો વપરાશ થાય છે અને સ્માર્ટફોનનો ઉપયોગ કરનારા મોટા ભાગના લોકો 4G નેટવર્કના ભરોસે છે. જોકે ભારતીય ટેલિકોમ ઓપરેટરો પણ દેશમાં 5G સેવા શરૂ કરવા થનગની રહ્યાં છે અને આ વર્ષના અંત સુધીમાં 5G નેટવર્કનું ટેસ્ટિંગ થઈ શકે છે.જોકે 5G સ્માર્ટફોનની કિંમત હાલ ઘણી વધારે હોવાના કારણે સામાન્ય જનતાની પહોંચથી તો હાલ દૂર જ રહેશે. એટલું તો નક્કી છે કે 3G અને 4G નેટવર્ક આવ્યા બાદ લોકોના જીવનમાં જે ક્રાંતિ આવી છે એ જોતાં 5G નેટવર્ક આવ્યા બાદ અર્થવ્યવસ્થાની સાથે સાથે લોકોના જીવનધોરણમાં પણ સુધારો આવશે. વિકાસની ગતિ તે જ બનશે પરંતુ સાથોસાથ મોંઘાદાટ સ્માર્ટફોન અને તેનાથી પણ મોંઘા ડેટા રિચાર્જનો ખર્ચ મધ્યમ વર્ગ માટે ખૂબ જ આકરો પડશે. આમ છતાં પણ લાખો લોકો માથે મોટું દેવું કરીને પણ નવી ટેકનોલોજીને અપનાવશે. અહીં માત્ર ગેમ રમવા માટે જ આ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે તો તેનો ફાયદો જે મળવો જોઈએ તે નહીં મળે પણ મગજ ખરાબ થશે એ નક્કી છે!!

## શબ્દ સંજોગ-૧૩૯૬



**આડી ચાવી :**

(૧)કારતક માસમાં આવતો એક તહેવાર (૬)
(૫) નાકથી વાયુ લેવો મૂકવો તે (૨)
(૬) મિલાપ, મુલાકાત (૩)
(૮) નિરૂપાય, લાચાર (૪)
(૧૦) જીભથી માલૂમ પડતો સ્વાદ (૨)
(૧૩) સ્મશાન (આ-અ) (૩)
(૧૫) સૈન્ય, પાંદડું (૨)
(૧૭) ઉંદર (૩)
(૧૯) અંગ્રેજી રાજ્યોમાં અપાતો એક ઈલકાબ (૨)
(૨૦) બાળક, વાછરડું (૨)
(૨૧) અહીંયા કોઈનીય .... નહીં ચાલે, જાતે જ ભરવું પડશે (૪)
(૨૨) શપથ, મનાઈ (૨)
(૨૫) શીખ ધર્મના પ્રવર્તક સંત (૩)
(૨૭) ખાંડ, સાકર (૩)
(૨૮) યુધ્ધ (૩)
(૨૯) એક જાતનો વેલો અને તેની સોટી (૩)

**ઉભી ચાવી :**

(૨) શરીરનો એક ભાગ (૩)
(૩) એક બંગાળી મિઠાઈ (૩)
(૪) અંધકાર, તમસ (૩)
(૭) ગુણે વખણાયેલું, પણ ગંધે વગોવાયેલું (૩)
(૮) ..... અપની અપની (૩)
(૯) કાપીને મારવું તે (૨)
(૧૧) ભાલા જેવું એક આયુધ (૩)
(૧૨) એક રાશિ (૩)
(૧૪) કાઠિયાવાડનો એક પ્રદેશ (૩)
(૧૬) મીઠું (૩)
(૧૮) ૬૦ મિનિટ (૩)
(૨૨) માનવીનો મોટામાં મોટો શત્રુ (૩)
(૨૩) જામીન તરીકેનું (૨)
(૨૪) ઘટ, કચાશ (૩)
(૨૫) નારી, સ્ત્રી, મહિલા (૨)
(૨૬) નજીક, પાસે (૨)
(૨૭) એક પક્ષી (૨)

## શબ્દ સંજોગ-૧૩૯૫ જવાબ

**આડી ચાવી :** (૧) કરમસદ (૪) અભૂત (૭) ગપ (૯) મિલ (૧૦) રીમ (૧૨) નગરપતિ (૧૫) દીન (૧૬) જમના (૧૮) ફના (૧૯) ઘર (૨૦) હમાલ (૨૨) ઘેર (૨૪) હલ (૨૬) વરખ (૨૮) દિવ (૩૦) લક્ષ (૩૨) સાવજ (૩૩) કનાત (૩૪) દેખાવ.

**ઉભી ચાવી :** (૧) કર્તરી (૨) મગ (૩) સપન (૫) ભૂમિતિ (૬) તલ (૮) ગરમ (૧૧) મદીના (૧૩) ગજર (૧૪) પનાહ (૧૭) તેલ (૧૮) ફતેહ (૧૯) ઘરવ (૨૧) માલદિવ (૨૩) પાંખ (૨૫) લલના (૨૭) રન્નાદે (૨૯) વજન (૩૧) ક્ષત (૩૨) સાવ.

## માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૭૭૫ | ૨૦૫૦ |
| ઘઉં લોકવન | ૪૨૮ | ૪૬૨ |
| ઘઉં ટુકડા | ૪૩૫ | ૫૦૪ |
| જુવાર સફેદ | ૪૭૦ | ૭૫૦ |
| જુવાર પીળી | ૩૬૦ | ૪૭૦ |
| બાજરી | ૩૧૦ | ૪૫૫ |
| તુવેર | ૧૧૭૦ | ૧૪૦૫ |
| ચણા પીળા | ૮૨૫ | ૯૧૫ |
| ચણા સફેદ | ૧૩૭૫ | ૨૦૦૦ |
| અડદ | ૧૨૭૦ | ૧૬૩૦ |
| મગ | ૧૧૦૦ | ૧૪૮૦ |
| વાલ દેશી | ૯૫૦ | ૧૬૮૦ |
| વાલ પાપડી | ૧૭૬૫ | ૨૦૦૫ |
| ચોળી | ૯૮૦ | ૧૧૯૦ |
| વટાણા | ૮૦૫ | ૧૩૧૬ |
| કળથી | ૧૦૫૦ | ૧૨૬૦ |
| સીંગદાણા | ૧૮૨૦ | ૧૯૪૦ |
| મગફળી જાડી | ૧૧૨૧ | ૧૪૦૫ |
| મગફળી જીણી | ૧૦૨૦ | ૧૨૧૫ |
| તલી | ૧૯૦૦ | ૨૪૦૦ |
| સુરજમુખી | ૮૭૦ | ૧૨૨૧ |
| એરંડા | ૧૨૬૦ | ૧૪૫૫ |
| અજમો | ૧૫૨૫ | ૨૧૧૦ |
| સુવા | ૧૨૧૧ | ૧૪૪૫ |
| સોયાબીન | ૧૧૩૦ | ૧૧૭૦ |
| સીંગફાડા | ૧૪૫૦ | ૧૬૭૦ |
| કાળા તલ | ૨૨૦૦ | ૨૬૭૯ |
| લસણ | ૧૩૫ | ૪૫૪ |
| ધાણા | ૧૭૩૦ | ૨૩૩૦ |
| ધાણી | ૨૧૨૦ | ૨૩૬૦ |
| જીરૂ | ૩૭૫૦ | ૪૩૦૦ |
| રાય | ૧૦૫૦ | ૧૨૨૦ |
| મેથી | ૯૮૦ | ૧૨૦૦ |
| કલોંજી | ૨૨૦૦ | ૨૪૦૦ |
| રાયડો | ૧૦૯૦ | ૧૧૯૦ |
| રજકાનું બી | ૩૮૦૦ | ૪૮૦૦ |
| ગુવારનું બી | ૯૦૦ | ૯૯૧ |
| **રાજકોટ(શાકભાજી)** | | |
| લીંબુ | ૨૦૦ | ૭૫૦ |
| બટેટા | ૨૦૦ | ૪૨૫ |
| ડુંગળી સુકી | ૪૫ | ૨૧૦ |
| ટમેટા | ૪૨૦ | ૫૫૦ |
| કોથમરી | ૧૦૦૦ | ૧૪૦૦ |
| રીંગણા | ૭૦૦ | ૮૦૦ |
| કોબીજ | ૨૫૦ | ૬૦૦ |
| ફ્લાવર | ૩૫૦ | ૫૦૦ |
| ભીંડો | ૭૦૦ | ૧૪૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૨૫૦ |
| ચોળાસીંગ | ૭૦૦ | ૮૫૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૮૦૦ |
| દુધી | ૩૦૦ | ૭૫૦ |
| કારેલા | ૮૦૦ | ૧૦૦૦ |
| સરગવો | ૩૦૦ | ૮૫૦ |
| તુરીયા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| પરવર | ૬૫૦ | ૮૫૦ |
| કાકડી | ૩૦૦ | ૧૦૦૦ |
| ગાજર | ૫૫૦ | ૭૫૦ |
| ગલકા | ૬૦૦ | ૮૦૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૬૦૦ |
| આદુ | ૭૦૦ | ૧૧૦૦ |
| મરચા લીલા | ૩૫૦ | ૧૦૦૦ |
| મગફળી લીલી | ૬૦૦ | ૧૨૦૦ |
| મકાઇ લીલી | ૩૦૦ | ૪૨૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૧૧૭૬ | ૧૪૧૧ |
| શિંગ મોટી | ૧૧૩૦ | ૧૪૩૦ |
| શિંગ દાણા | ૧૫૦૦ | ૧૮૮૧ |
| શિંગ દાણા( ફાડા) | ૧૩૦૦ | ૧૭૫૦ |
| તલ સફેદ | ૧૭૦૦ | ૨૪૪૯ |
| તલ કાળા | ૧૪૦૦ | ૨૫૩૦ |
| તલ કાશ્મીરી | ૨૩૭૦ | ૨૪૧૫ |
| બાજરો | ૪૧૨ | ૪૬૩ |
| જુવાર | ૪૮૯ | ૬૭૫ |
| ઘઉં ટુકડા | ૪૩૫ | ૫૦૯ |
| ઘઉં લોકવન | ૪૬૪ | ૪૭૭ |
| મગ | ૭૦૫ | ૧૨૭૪ |
| અડદ | ૭૫૦ | ૧૩૪૨ |
| ચણા | ૬૯૫ | ૯૦૯ |
| તુવેર | ૯૫૦ | ૧૨૬૫ |
| કપાસ | ૧૦૦૦ | ૧૯૯૫ |
| એરંડા | ૧૨૦૦ | ૧૪૨૧ |
| જીરું | ૧૯૧૯ | ૪૩૫૦ |
| ધાણા | ૧૯૭૦ | ૨૨૫૫ |
| મેથી | ૯૧૦ | ૯૭૩ |
| સોયાબીન | ૧૦૭૫ | ૧૧૪૪ |
| **અમરેલી(શાકભાજી)** | | |
| બટેટા | ૩૨૦ | ૪૦૦ |
| રીંગણાં | ૪૦૦ | ૫૩૦ |
| ફુલાવર | ૬૦૦ | ૭૮૦ |
| કોબીજ | ૪૨૦ | ૫૫૦ |
| ટામેટા | ૪૦૦ | ૫૦૦ |
| ગાજર | ૬૦૦ | ૮૦૦ |
| દૂધી | ૪૫૦ | ૬૦૦ |
| કરેલા | ૭૫૦ | ૯૬૦ |
| ગલકા | ૭૦૦ | ૮૦૦ |
| કાકડી | ૫૦૦ | ૬૮૦ |
| ગુવાર | ૧૩૦૦ | ૧૫૦૦ |
| ચોળાશીંગ | ૮૦૦ | ૧૦૦૦ |
| તુરીયા | ૯૦૦ | ૧૦૦૦ |
| ભીંડો | ૮૦૦ | ૧૦૦૦ |
| આદુ | ૯૦૦ | ૧૨૦૦ |
| કોથમીર | ૧૦૦૦ | ૧૫૦૦ |
| મેથીભાજી | ૮૦૦ | ૧૦૦૦ |
| ફુદીનો | ૬૦૦ | ૭૦૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૭૦૦ |
| બીટ | ૫૦૦ | ૬૦૦ |
| લીમડો મીઠો | ૨૦૦ | ૩૫૦ |
| મરચા લીલા | ૬૦૦ | ૮૫૦ |
| ડુંગળી સૂકી | ૮૦ | ૨૪૦ |
| લસણ સૂકું | ૨૩૦ | ૫૯૦ |
| મકાઈ | ૪૦૦ | ૫૦૦ |
| લીંબુ | ૯૦૦ | ૧૧૦૦ |
| પાલક | ૬૦૦ | ૭૦૦ |
| **જામનગર** | | |
| જુવાર | ૩૦૦ | ૪૭૦ |
| બાજરી | ૩૫૦ | ૪૬૨ |
| ઘઉં | ૪૦૦ | ૪૮૫ |
| મગ | ૧૦૦૦ | ૧૩૭૫ |
| અડદ | ૧૨૦૦ | ૧૫૧૫ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૬૫ |
| ચોળી | ૧૦૦૦ | ૧૨૨૫ |
| વાલ | ૧૨૦૦ | ૧૭૦૦ |
| મેથી | ૭૦૦ | ૧૦૫૦ |
| ચણા | ૮૫૦ | ૯૫૨ |
| મગફળી - જીણી | ૧૧૦૦ | ૧૩૫૧ |
| મગફળી જાડી | ૯૦૦ | ૧૨૩૦ |
| એરન્ડા | ૯૮૦ | ૧૪૫૦ |
| તલી | ૨૧૬૫ | ૨૩૮૮ |
| તલ કાળા | ૨૪૫૦ | ૨૫૫૦ |
| રાયડો | ૯૮૦ | ૧૧૯૦ |
| લસણ | ૫૦ | ૨૦૦ |
| કપાસ | ૧૭૦૦ | ૨૦૩૦ |
| જીરૂ | ૩૧૦૦ | ૪૩૮૫ |
| અજમો | ૧૭૭૦ | ૨૩૦૦ |
| અજમાની ભુસી | ૨૦૦ | ૧૬૪૦ |
| ધાણા | ૮૦૦ | ૨૩૫૦ |
| સીંગદાણા | ૧૪૫૦ | ૧૯૦૦ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૧૮૦ |
| વટાણા | ૯૦૦ | ૧૧૭૦ |
| **બગસરા** | | |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૪૮૯ |
| ઘઉં ટુકડા | ૮૭૫ | ૯૦૪ |
| તુવેર | ૧૧૫૦ | ૧૧૯૦ |
| મગ | ૧૧૦૦ | ૧૧૫૫ |
| સોયાબીન | ૧૧૧૦ | ૧૧૪૨ |
| સીંગદાણા | ૧૫૦૦ | ૧૫૫૧ |
| **સાવરકુંડલા** | | |
| મગફળી જાડી | ૧૩૦૦ | ૧૪૫૧ |
| સીંગદાણા | ૧૭૦૨ | ૧૮૪૧ |
| તલ | ૧૮૫૦ | ૨૪૩૧ |
| તલ કાળા | ૨૦૮૫ | ૨૭૧૧ |
| ઘઉં | ૪૧૫ | ૪૮૦ |
| ઘઉં ટુકડા | ૪૨૫ | ૫૭૦ |
| બાજરો | ૪૨૦ | ૪૨૦ |
| ચણા | ૬૦૦ | ૯૨૫ |
| તુવેર | ૧૧૫૦ | ૧૧૫૦ |
| એરંડા | ૧૧૬૦ | ૧૨૭૦ |
| મેથી | ૯૫૦ | ૯૫૦ |
| રાઈ | ૧૧૨૦ | ૧૧૨૦ |
| ધાણા | ૨૦૦૦ | ૨૧૦૦ |
| સોયાબીન | ૧૧૫૦ | ૧૨૦૦ |
| અજમો | ૧૮૦૦ | ૧૮૦૦ |
| દેશી ચણા | ૯૦૦ | ૧૦૦૫ |
| **બાબરા** | | |
| મગફળી | ૧૧૩૮ | ૧૩૪૨ |
| તલ | ૧૮૩૧ | ૨૪૧૯ |
| સીંગદાણા | ૧૭૦૦ | ૧૮૭૦ |
| ચણા | ૮૬૬ | ૯૦૦ |
| **રાજુલા** | | |
| બાજરો | ૪૦૦ | ૪૯૩ |
| જુવાર | ૬૫૧ | ૭૫૬ |
| ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૨૦ |
| મકાઇ | ૪૨૫ | ૪૨૫ |
| મગ | ૧૦૦૦ | ૧૨૩૬ |
| અડદ | ૧૧૦૧ | ૧૧૦૧ |
| અજમાં | ૧૬૫૦ | ૧૬૫૦ |
| ચણા | ૭૭૫ | ૮૭૬ |
| શીંગદાણા | ૧૭૨૫ | ૧૭૨૫ |
| તલ સફેદ | ૨૩૫૦ | ૨૪૨૧ |
| તલ કાળા | ૨૫૩૧ | ૨૫૩૧ |
| એરંડી | ૧૨૦૦ | ૧૨૦૦ |
| **ધારી** | | |
| સોયાબીન | ૧૧૨૪ | ૧૧૨૪ |
| ચણા | ૮૩૦ | ૮૫૦ |
| કાળા તલ | ૨૩૯૦ | ૨૩૯૦ |
| મગ | ૧૨૩૦ | ૧૨૩૦ |
| **ગોંડલ** | | |
| ઘઉં | ૪૪૬ | ૪૬૪ |
| ઘઉં ટુકડા | ૪૧૮ | ૫૬૮ |
| મગફળી જીણી | ૯૨૦ | ૧૩૭૬ |
| મગફળી જાડી | ૮૧૦ | ૧૪૦૧ |
| મગફળી નવી | ૮૬૦ | ૧૩૨૧ |
| સીંગદાણા | ૧૬૦૦ | ૧૮૮૧ |
| શીંગ ફાડા | ૧૦૪૧ | ૧૫૯૧ |
| એરંડા | ૧૨૨૧ | ૧૪૪૬ |
| તલ | ૧૮૦૧ | ૨૪૫૧ |
| જીરૂ | ૨૩૨૧ | ૪૩૧૧ |
| ધાણા | ૧૦૦૦ | ૨૩૫૧ |
| ધાણી | ૧૧૦૦ | ૨૩૪૧ |
| લસણ | ૧૦૧ | ૪૨૧ |
| ડુંગળી | ૬૧ | ૨૦૧ |
| ડુંગળી સફેદ | ૭૦ | ૧૪૩ |
| બાજરો | ૩૨૧ | ૪૭૧ |
| જુવાર | ૬૫૧ | ૬૯૧ |
| મકાઈ | ૪૪૧ | ૫૩૧ |
| મગ | ૯૫૧ | ૧૪૧૧ |
| ચણા | ૭૫૧ | ૯૦૬ |
| વાલ | ૬૭૧ | ૧૮૦૧ |
| અડદ | ૬૦૧ | ૧૪૯૧ |
| ચોળા/ચોળી | ૮૦૦ | ૧૧૪૧ |
| મઠ | ૧૦૭૬ | ૧૩૦૧ |
| તુવેર | ૯૨૬ | ૧૩૮૧ |
| સોયાબીન | ૧૦૭૧ | ૧૨૦૧ |
| રાઈ | ૧૧૧૧ | ૧૧૩૧ |
| મેથી | ૬૭૬ | ૧૦૨૧ |
| ગોગળી | ૬૫૦ | ૧૦૮૧ |
| સુરજમુખી | ૯૫૧ | ૯૫૧ |
| વટાણા | ૭૭૬ | ૮૯૧ |
| **તળાજા** | | |
| મગફળી જીણી | ૧૨૭૦ | ૧૩૯૧ |
| સીંગદાણા | ૧૭૧૭ | ૧૭૧૭ |
| મગફળી જાડી | ૧૨૦૦ | ૧૩૫૩ |
| તલ | ૨૦૦૦ | ૨૪૭૧ |
| તલ કાળા | ૨૧૬૫ | ૨૫૯૬ |
| ઘઉં ટુકડા | ૩૮૭ | ૫૬૩ |
| બાજરો | ૩૮૦ | ૪૯૦ |
| જુવાર | ૫૦૧ | ૫૦૧ |
| અડદ | ૧૦૩૦ | ૧૦૩૦ |
| મગ | ૧૨૩૨ | ૧૨૩૨ |
| ચણા | ૬૦૦ | ૯૧૧ |
| ધાણા | ૨૦૫૫ | ૨૧૬૫ |
| રાઈ | ૧૦૬૨ | ૧૧૦૦ |
| રાજગરો | ૧૦૫૫ | ૧૨૫૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૫૧૧ |
| સીંગદાણા | ૧૬૦૦ | ૧૯૭૫ |
| બાજરો | ૩૭૦ | ૪૮૧ |
| ઘઉં ટુકડા | ૩૮૦ | ૪૩૨ |
| રાઈ | ૧૦૦૦ | ૧૦૮૦ |
| જુવાર | ૪૫૦ | ૭૬૬ |
| મગ | ૧૨૦૦ | ૧૪૨૪ |
| અડદ | ૧૩૦૦ | ૧૬૧૦ |
| ચણા | ૭૦૦ | ૯૦૪ |
| તલ | ૨૦૫૦ | ૨૩૬૮ |
| તલ કાળા | ૧૯૦૦ | ૨૬૭૬ |
| સોયાબીન | ૧૧૫૦ | ૧૨૧૫ |
| **મહુવા** | | |
| મગફળી જીણી | ૧૧૭૨ | ૧૩૨૨ |
| સીંગદાણા | ૭૦૨ | ૧૭૨૪ |
| મગફળી જાડી | ૯૦૦ | ૧૩૧૨ |
| જુવાર | ૪૬૩ | ૭૧૮ |
| બાજરો | ૪૦૧ | ૫૦૭ |
| ઘઉં | ૪૫૦ | ૬૪૧ |
| મકાઈ | ૪૫૨ | ૪૫૨ |
| અડદ | ૭૮૫ | ૧૪૫૧ |
| મગ | ૧૨૬૬ | ૧૩૦૮ |
| મેથી | ૯૫૨ | ૯૫૨ |
| રાઈ | ૭૦૦ | ૭૦૦ |
| ચણા | ૫૫૧ | ૧૦૬૧ |
| તલ | ૨૩૨૫ | ૨૪૫૦ |
| તલ કાળા | ૨૩૫૦ | ૨૭૦૦ |
| તુવેર | ૫૨૦ | ૫૨૦ |
| ધાણા | ૧૮૦૦ | ૧૮૦૦ |
| રાજગરો | ૧૬૫૦ | ૧૬૫૦ |
| ડુંગળી | ૬૬ | ૨૭૫ |
| ડુંગળી સફેદ | ૧૨૫ | ૧૮૫ |
| નાળિયેર | ૪૫૦ | ૧૭૯૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI .No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# તારંગા હિલથી અંબાજી-આબુ રોડ સુધીની રેલવે લાઇનને લીલીઝંડી

## કેન્દ્ર સરકારે મંજૂરી આપ્યા બાદ રાજ્ય સરકાર અને રેલવે વિભાગે કામગીરી શરૂ કરી

અંબાજી, તા. ૨૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શરૂ કરેલા પીએમ ગતિશક્તિ પ્રોજેક્ટના ભાગરૂપે ગત ૧૩ જુલાઈએ કેબિનેટ દ્વારા તારંગા હિલથી અંબાજી અને અંબાજીથી આબુ રોડ સુધીની ૧૧૬.૬૫ કિમી નવી રેલવે લાઈનને મંજૂરી આપવામાં આવી હતી. રૂ. ૨૭૯૮.૧૬ કરોડના ખર્ચે તારંગા હિલ્સથી આબુ સુધી રેલવે લાઈન સ્થાપિત કરવાને કેબિનેટે મંજૂરી આપ્યા બાદ હવે રાજ્ય સરકાર તેમજ રેલવે વિભાગે કામગીરી શરૂ કરી દીધી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન અને સૂચન અનુસાર ગત ૧૮ જુલાઈ, ૨૦૨૨ના રોજ રેલવેના જીએમ અને ડીઆરએમ, અમદાવાદ તેમજ પ્રવાસન વિભાગ અને લેન્ડ રિફોર્મના સચિવે ચીફ સેક્રેટરી પંકજકુમાર સમક્ષ પ્રોજેક્ટની કામગીરીના રોડમેપ અંગે મુલાકાત કરી હતી. આ પ્રોજેક્ટને આગળ લઈ જવા અંગેની વ્યૂહાત્મક બાબતો વિશે તેમાં અધિકારીઓએ ચર્ચા કરી હતી. આ મહત્વપૂર્ણ પ્રોજેક્ટ અંતર્ગત અંબાજી રેલવે સ્ટેશનને શક્તિપીઠની થીમ પર વિકસિત કરવામાં આવશે અને પાંચ માળ સુધી હોટલ માટે જગ્યા ફાળવવામાં આવશે.

# વીજ કર્મી ફોન ન ઉઠાવે તો અધીક્ષક ઈજનેરનો સંપર્ક કરો : નારણ કાછડીયા

## સાંસદે અધીક્ષક ઇજનેરનો મોબાઇલ નં. ૯૮૨૫૬ ૦૩૧૭૯ જાહેર કર્યો

અમરેલી, તા. ૨૧



અમરેલીના સાંસદ નારણભાઈ કાછડીયાએ અમરેલી જિલ્લાના કોઈપણ વીજ કર્મચારી કે અધિકારી ફોન ન ઉપાડે તો સર્કલ ઓફિસના વડા અધીક્ષક ઈજનેર બી.કે. દવેનો તેમના મો. નં. ૯૮૨૫૬ ૦૩૧૭૯ ઉપર સંપર્ક કરવા અનુરોધ કર્યો છે. તેમણે જણાવ્યું કે, જિલ્લામાં કોઈ પણ ખેડૂત કે ગ્રાહકને ફોલ્ટ સર્જાય અને પીજીવીસીએલના હેલ્પર, લાઈનમેન, ડેપ્યુટી ઈજનેર કે કોઈ સક્ષમ અધિકારી ફોન ન ઉઠાવે અથવા તો યોગ્ય પ્રત્યુત્તર ન આપે તો સર્કલ ઓફિસના વડા અધીક્ષક ઈજનેરને તેમના મોબાઈલ નંબર ઉપર ટેલિફોનીક જાણ કરો. તાજેતરમાં કુંકાવાવના અનીડા ગામે ખેડૂત ખાતેદારો દ્વારા વીજપ્રશ્ને અવારનવાર વીજ કચેરીમાં ફરિયાદ કરવા છતાં તેમની ફરિયાદ નોંધવામાં આવતી નહોતી. આ અંગે તેમણે સાંસદ નારણભાઈ કાછડીયાને રજૂઆત કરતા સાંસદે અધીક્ષક ઈજનેરનો સંપર્ક નંબર જાહેર કરી તેમના ઉપર ફોન કરવા જણાવ્યું છે.

# વડોદરામાં શંકાસ્પદ ટ્રકનો પીછો કરી રહેલી પોલીસવાન પર ટ્રક ચડાવી દેવાનો પ્રયાસ

(એ.આર.એલ),વડોદરા,તા.૨૧



બોરસદ ખાતે પોલીસ કર્મચારીએ ટ્રક રોકવાનો પ્રયાસ કરતાં ટ્રકચાલકે ટ્રક ચડાવી દઈને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યો હતો. આ બનાવોની શાહી હજી સુકાઈ નથી ત્યાં જ મોડી રાત્રે શંકાસ્પદ ચોરીનો સામાન ભરીને જતી ટ્રકનો પીછો કરનાર નંદેસરી પોલીસની વાન ઉપર ટ્રકચાલકે ટ્રક ચઢાવી દેવાનો પ્રયાસ કર્યો હતો. આ બનાવમાં પીસીઆર વાનના ડ્રાઈવર રામદાસ મેડાને ઈજાઓ પહોંચતાં સારવાર માટે હોસ્પિટલ ખસેડાયો છે. પોલીસે ટ્રકને ઝડપી પાડી ચાલક અને ક્લીનરની ધરપકડ કરી લીધી હતી, જ્યારે ફરાર થઈ ગયેલા ત્રણની શોધખોળ હાથ ધરી છે.

# લીલીયાના ક્રાંકચમાં ૩૫ વર્ષીય યુવકનો આપઘાત

લીલીયા, તા. ૨૧



લીલીયા તાલુકાના ક્રાંકચ ગામે ૩૫ વર્ષીય યુવક મુકેશ બાવચંદભાઈ હેલૈયાએ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ લઈ જીવાદોરી ટૂંકાવી લેતા અરેરાટી પ્રસરી જવા પામી છે. ઘટનાને પગલે પરિવારજનો પર આભ તૂટી પડ્યું હતું. પોલીસને જાણ કરવામાં આવતા ઘટના સ્થળ પર દોડી આવી પોલીસે મૃતકના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે લીલીયા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ઘટના અંગે પોલીસે અકસ્માતે મૃત્યુની નોંધ કરી મૃતકના સગાસંબંધીઓના નિવેદનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# મોટી કુંકાવાવની વ્રજ વિદ્યાલયમાં ટ્રાફિક અવેરનેસ કાર્યક્રમ યોજાયો

અમરેલી, તા.૨૧



અમરેલી જિલ્લામાં વધી રહેલા માર્ગ અકસ્માત નિવારવા તથા શાળાના બાળકોને ટ્રાફિક નિયમની જાણકારી મળે તે હેતુથી મોટી કુંકાવાવ તાલુકામાં વ્રજ વિદ્યાલયમાં ટ્રાફિક અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. અમરેલી જિલ્લા ટ્રાફિક શાખાના પોલીસ સબ ઈન્સ્પેક્ટર જે.એમ. દવે તથા ટીમે ટ્રાફિકના નિયમોની જાણકારી અને માર્ગદર્શન આપ્યું હતું. આશરે ૨૦૦ વિદ્યાર્થીએ આનો લાભ લીધો હતો. ઉપરાંત આધુનિક ટેકનોલોજીથી સજ્જ થયેલા ઈન્ટરસેપ્ટર વાહન અંગે તથા હાઈવે પેટ્રોલિંગ વાહનનો અકસ્માત સમયે થતાં ઉપયોગની વિદ્યાર્થીઓને જાણકારી અપાઈ હતી.

# મહેસાણામાં અંડરપાસનું લોકાર્પણ કરતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

## જિલ્લામાં છેલ્લા ૩ વર્ષમાં રૂ. ૧,૧૧૭ કરોડના ૬૫૬ કામો થયા

(જી.એન.એસ)મહેસાણા,તા.૨૧



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતને વિકાસનું રોલ મોડેલ બનાવ્યું, તેથી ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે. ગુજરાતના શહેરોને રહેવાલાયક અને ચાહવાલાયક બનાવવાની રાજ્ય સરકારની નેમ છે. પૂર્ણેશ મોદીએ જણાવ્યું કે, સરકાર સંસ્કૃતિને વરેલી છે. છેવાડાના માનવીનો વિકાસ તેનો મંત્ર છે ત્યારે મહેસાણા જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં રૂ.૧૧૧૭ કરોડના ૬૫૬ કામો થયાં છે જે વિકાસની ગતિ બતાવે છે. ૪૪૫ કરોડના ખર્ચે મહેસાણા થી પાલનપુરનો ફ્લાય ઓવર સાથેનો સિક્સ લાઈન રોડ, ૧૨૦ કરોડના ખર્ચે ઐતિહાસિક મોઢેરાને જોડતો મહેસાણા થી બહુચરાજી ફોરલાઈન રોડને મંજૂરી અપાઈ છે જેનું કામ હાલ પ્રગતિ હેઠળ છે.

# વર્ષ ૨૦૧૨થી જમીન સંપાદન અધિકારીની નિમણૂકના વાંકે અમરેલી જિલ્લો સાંતલી સિંચાઈ યોજનાથી વંચિત

## ધારાસભ્ય પરેશ ધાનાણીએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર પાઠવ્યો

અમરેલી, તા. ૨૧



અમરેલી જિલ્લામાં સાંતલી સિંચાઈ યોજના અંતર્ગત જમીન સંપાદન કરી યોજના સત્વરે પૂર્ણ કરવા ધારાસભ્ય પરેશભાઈ ધાનાણીએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને પત્ર પાઠવી રજૂઆત કરી છે. જેમાં તેમણે જણાવ્યા પ્રમાણે અમરેલીના બાબાપુર પાસે સાંતલી નદી ઉપર સાંતલી સિંચાઈ યોજના અંતર્ગત બંધ બાંધવા માટે સને-૨૦૧૨માં ભાવનગર સિંચાઈ યોજના વર્તુળ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી અને વિવિધ ગામોના ખાતેદારો ૯૮૫ હેક્ટર જેટલી ખાનગી જમીન આપવા પણ તૈયાર થઈ ગયા હતા. આ યોજના માટે સરકાર દ્વારા રૂ. ૧,૧૦૦ કરોડની રકમ મંજૂર કરી યોજનાને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે, પરંતુ સને-૨૦૧૨થી જમીન સંપાદન અધિકારી નિમાયેલ ન હોવાથી જમીન સંપાદનની પ્રક્રિયા બાકી છે. ત્યારે આવી મહત્વની સિંચાઈ યોજના સરકારના મહેસુલ અને જળસંપત્તિ વિભાગ વચ્ચેના સંકલનના અભાવે અટકી પડી છે. જેથી નાયબ કલેક્ટર, અમરેલીની સંપાદન અધિકારી તરીકે નિમણૂક કરી જમીન સંપાદન સમયમર્યાદામાં પૂર્ણ કરાવવા રજૂઆત છે.

# કેરોસીને પેટ્રોલને પાછળ રાખ્યું : પ્રતિ લિટર ૧૦૨!

રાજકોટ,તા.૨૧

દેશમાં મોંઘવારીએ માઝા મૂકી છે ત્યારે રાજ્યના પુરવઠા વિભાગના પરિપત્ર બાદ રાજકોટ જિલ્લા પુરવઠા વિભાગે ઘરગથ્થુ ઉપયોગ માટે કેરોસીનના ભાવ જાહેર કરતા તમામ રેકોર્ડ તૂટ્યા છે, કારણ કે હવે કેરોસીન પેટ્રોલ કરતાં પણ મોંઘું ૧૦૨ રૂપિયા લિટરે અપાશે! રાજકોટ જિલ્લા પુરવઠા વિભાગને રાજ્ય સરકારે પત્ર લખ્યો છે કે, કેરોસીનના કંડલા ડેપોના ડિસ્પેચિંગ સેન્ટરમાં ભાવફેર થવાથી ઘરગથ્થુ ઉપયોગ માટેના કેરોસીનનો નવો ભાવ નક્કી કરાયો છે. આ પત્રને આધારે પુરવઠા અધિકારીએ રાજકોટ શહેર અને ૧૧ તાલુકા માટે અલગ અલગ ભાવ જાહેર કર્યા છે જેમાં રાજકોટ શહેરમાં કેરોસીન ૯૯.૯૬ અને ઉપલેટામાં ૧૦૨.૪૯ રૂપિયા લિટર નક્કી થયો છે. સરકારે પત્રમાં કંડલાનું કહ્યું છે પણ તેની સાથે વડોદરા ટર્મિનલના ભાવ પણ વધારે આવ્યા છે.

# ધી અમરેલી પીપલ્સ ક્રેડિટ કો-ઓપ. સોસાયટી દ્વારા સભાસદ ભેટ વિતરણ

અમરેલી, તા. ૨૧




ધી અમરેલી પીપલ્સ ક્રેડિટ કો-ઓપ. સોસાયટી લી.ની સાવરકુંડલા શાખા દ્વારા સોસાયટીના સભાસદોને ભેટ વિતરણ કરવામાં આવી હતી. મહેન્દ્રભાઈ કુકડીયા, સભ્યો અષ્ટકાંતભાઈ સૂચક, રાજેશભાઈ નાગ્રેચા, શ્યામભાઈ રૂપારેલ, અશોકભાઈ સંઘવી, દિપકભાઈ રૂપારેલ, જયંતીભાઈ વાટલીયા, ટ્રસ્ટી કનુભાઈ ગેડીયા તથા કારોબારી ચેરમેન જનકભાઈ ઉપાધ્યાય દ્વારા સોસાયટીના હાજર સભાસદો શશીકાંતભાઈ ઝીંઝુવાડીયા, દુષ્યંતભાઈ વાવડીયા, કિશોરભાઈ નથવાણી, સુરેશભાઈ ધોળકીયા, રાજુભાઈ કાત્રોડીયા, મનીષભાઈ બગડા વિગેરેને નોટબુકનો સેટ તથા 10% મુજબનું ડિવિડન્ડ વહેંચવામાં આવ્યું હતું. આ તકે ચેરમેન અનીલકુમાર રૂપારેલ દ્વારા તમામ સભાસદોને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# ખેડૂતોને મહુવા માર્કેટયાર્ડમાં ૭-૧૨ ૮-અ ના ઉતારાની નકલ પણ મળશે

મહુવા, તા. ૨૧



મહુવા માર્કેટિંગ યાર્ડ દ્વારા ખેડૂતો માટે ૭-૧૨, ૮-અ ના ઉતારાની નકલ કાઢી આપવાની સુવિધા શરૂ કરવામાં આવતા ખેડૂતોમાં ખુશાલી પ્રસરી જવા પામી છે. મહુવા માર્કેટયાર્ડ દ્વારા ખેડૂત ઉપયોગી કાર્યો હરહંમેશ કરવામાં આવતા રહે છે. બજાર સમિતિ દ્વારા ગેઈટ નં. ૨ પાસે ખેડૂત સહાયતા કેન્દ્ર ખાતે વ્યવસ્થા કરવામાં આવેલ છે. જ્યાંથી હવે દરરોજ રજાના દિવસો સિવાય ૭-૧૨ ૮-અ નકલ ઉપલબ્ધ થશે. આ સુવિધાથી ખેડૂતોને મોટી રાહત થશે. આમ માર્કેટયાર્ડમાં ખેડૂતો માટે વધુ એક સગવડતાનો વધારો થયો છે.


## કાનૂની માર્ગદર્શન કેમ્પ

ગુજરાત હાઈકોર્ટેના વકીલ શ્રી વિશાલભાઈ ઠક્કર કે જેઓએ આપણા જિલ્લાના અનેક કેસમાં સફળતા અપાવી છે. તેઓ આવતા મહીનામાં અમરેલી જોષી પરિવારના આમંત્રણને માન આપી પધારી રહ્યા છે. મહેશભાઈ ત્રિવેદી એક અખબારી યાદીમાં જણાવે છે કે અમરેલી જિલ્લાના સરકારી-અર્ધસરકારી કર્મચારીઓ (રાજ્ય સરકાર તેમજ કેન્દ્ર સરકાર) ને નોકરીને લગતા પ્રશ્નો અંગે વિના મૂલ્યે માર્ગદર્શન કેમ્પનું આયોજન કરેલ છે. જેમાં મર્યાદિત સંખ્યા લેવાની છે. તો જે લોકો આ લાભ લેવા માગતા હોય તેઓએ પોતાનું નામ -સરનામું અને ફોન નંબર નીચે આપેલા નંબર પર નોંધાવવા વિનંતી. તારીખ-સ્થળ અને સમય નક્કી થયે ફોન પર જણાવવામાં આવશે..

સંપર્કઃ-મહેશ કુમાર એન. ત્રિવેદી. ૯૯૨૫૫ ૪૫૧૦૭.



**મહે.જાફરાબાદના જ્યુ.મેજી.ફ.ક. સાહેબની કોર્ટમાં, મું.જાફરાબાદ**

ફો.પ.અ.નં.૬૨/૨૦૨૨
મુદત તા.૧૭/૦૮/૨૦૨૨

અરજદારઃ સુમરા હનીફભાઈ સતારભાઈ
રહે.જાફરાબાદ, તા. જાફરાબાદ, જી. અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી/ચીફ ઓફિસરશ્રી,
નગરપાલિકા કચેરી, જાફરાબાદ, તા. જાફરાબાદ, જી. અમરેલી

**અરજદારનાં વિ.વકીલશ્રીઃ આઇ.આઇ.ગાહા**

**જાહેર નોટીસ**

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત અરજદારે તેમના **પુત્ર મુઆવિયા હનીફભાઇ સુમરાના**ઓનો **જન્મ તા.૩૧/૦૭/૨૦૧૮** ના રોજ મોજે ગામઃ **જાફરાબાદ** તા. જાફરાબાદ મુકામે થયેલ અને તેની જન્મ-મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ-મરણ નોંધણી અધિનીયમની કલમ-૧૧ તથા ૧૩ મુજબ હાલની અરજ કરેલ છે. જેથી અરજદારની માંગણી મુજબ તેઓના **પુત્રની જન્મ અંગેની નોંધ** કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો તેનું કારણ દર્શાવવા **મુદત તા.૧૭/૦૮/૨૦૨૨** ના રોજ કલાક **૧૦:૩૦** વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે. આથી જે કોઈ ઈસમ તથા સરકારી/અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યક્તિ, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહું અરજી સામે વાંધો કે તકરાર હોય તો તેઓએ સદરહું મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા પોતાના માહીતગાર વકીલ/મુખત્યાર મારફતે અત્રેની કોર્ટમાં હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરશો તો કાયદા અન્વયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૪ મી, માહે જુલાઈ, સને ૨૦૨૨ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યુ.

| તૈયાર કરનાર સહી | કોર્ટનો સિક્કો | મુકાબલ કરનાર સહી | હુકમથી, સહી |
|---|---|---|---|
| (એસ.આર.ભંમર) આસીસ્ટન્ટ | | (કે.એમ.ગૌસ્વામી) આસીસ્ટન્ટ | (બી.વી.પરમાર) રજીસ્ટ્રાર જાફરાબાદ |



રૂફટોપ સોલાર વસાવો...
લાઇટબીલમાંથી છુટકારો મેળવો...

adani Solar

સબસીડી મળવાપાત્ર

ગુજરાતની નંબર વન કંપની,
સૌથી વધુ અનુભવી તથા અમારે ત્યાં
અવનવી કંપનીના ઈ-બાઈક પણ મળશે
તેમજ ઓકીનાવાની તમામ બાઈક મળશે...

ડોકયુમેન્ટ્સ
- આધારકાર્ડ
- લાઇટબીલ
- વેરાબીલ
- કેન્સલ ચેક
- પાસપોર્ટ ફોટો



અદાણી સોલાર

વ્રજ ઈ બાઈક & સોલાર

શિવમ્ પ્લાઝા, જી-૧૭, જુનું માર્કેટયાર્ડ, અમરેલી.

હીરેન વીરડીયા મો. ૯૫૩૭૫ ૦૨૭૭૫
ચેતનભાઈ બોદર મો. ૯૮૭૯૯ ૭૮૭૮૯

# ઉત્તરપ્રદેશના વિવિધ જિલ્લાઓમાં વીજળી પડવાથી ૧૪ લોકોના મોત

## મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે મૃતકોના પરિવારોને સહાય જાહેર કરી

(એ.આર.એલ),લખનૌ,તા.૨૧

ચોમાસાની આ સિઝનમાં જ્યાં એક તરફ વરસાદે કાળઝાળ ગરમીમાંથી રાહત અપાવી છે ત્યાં જ અનેક રાજ્યો માટે વરસાદ આફત બની ગયો છે. ક્યાંક પૂર આવ્યું છે તો ક્યાંક વીજળી પડવાથી લોકોના મોત થઈ રહ્યા છે. તાજો મામલો ઉત્તર પ્રદેશનો છે. અહીં અલગ-અલગ જિલ્લામાં વીજળી પડવાથી ઓછામાં ઓછા ૧૪ લોકોના મોત થયા છે, જ્યારે ૧૬ લોકો દાઝી ગયા છે. આ ઘટનાઓ બાદ રાજ્યના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આર્થિક સહાયની



જાહેરાત કરી છે. રાહત કમિશનરની કચેરીમાંથી પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યમાં વીજળી પડવાની ઘટનાઓમાં કુલ ૧૪ લોકોના મોત થયા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે તેમાંથી સૌથી વધુ ચાર લોકોના મોત બાંદામાં થયા છે. આ સિવાય ફતેહપુરમાં બે અને બલરામપુર, ચંદૌલી, બુલંદશહર, રાયબરેલી, અમેઠી, કૌશામ્બી, સુલતાનપુર અને ચિત્રકૂટ જિલ્લામાં એક-એક વ્યક્તિના મોત થયા છે. અને કેટલાક ઘાયલ પણ થયા છે.

# જમ્મુ-કાશ્મીરથી ઉત્તરાખંડ સુધી આકાશમાંથી વરસાદી આફત ઉતરી

## વરસાદના કારણે પાક અને વૃક્ષોને વ્યાપક નુકસાન

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૧

પર્વતો પર વરસાદ આફત તરીકે તૂટી પડયો છે. જમ્મુ-કાશ્મીરથી લઈને ઉત્તરાખંડ સુધી આ પરિસ્થિતિ છે. જ્યારે બારામુલ્લામાં વાદળ ફાટવાને કારણે તબાહી સર્જાઈ હતી, તો જોશીમઠમાં પૂરમાં ફસાયેલા લોકોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા છે.

બારામુલ્લાના હમામ માર્કૂટ ગામમાં વાદળ ફાટ્યા બાદ અચાનક પાણી ભરાઈ જવાને કારણે મોટી સંખ્યામાં પ્રવાસીઓ રસ્તામાં અટવાઈ પડ્યા હતા. જણાવવામાં આવી રહ્યું છે કે પ્રવાસીઓની સાથે જંગલમાં કામ કરવા ગયેલા લોકો પણ ફસાયા હતા. રાહતની



વાત એ હતી કે પૂરને પાર કરવાનું જોખમ કોઈએ લીધું ન હતું અને દરેકનો જીવ બચી ગયો હતો. જો કે પાણીના જોરદાર પ્રવાહને કારણે પાક અને વૃક્ષોને ઘણું નુકસાન થયું છે. આ સાથે ડોડા જિલ્લાના કહારા વિસ્તારમાં ભારે વરસાદના કારણે જનજીવન પ્રભાવિત થયું છે. જમ્મુ-કાશ્મીરની જેમ ઉત્તરાખંડમાં પણ વરસાદ આફતની જેમ તૂટી પડ્યો છે. બુધવારે ભારે વરસાદને કારણે જોશીમઠમાં વેલી ઓફ ફ્લાવર્સમાં એક પુલ તૂટી ગયો હતો. જેના કારણે ૧૪૦ જેટલા પ્રવાસીઓ રસ્તામાં અટવાયા હતા.

# યુકે-યુએસ જવાનું થયું મોઘું, ટિકિટમાં ૨૦૦ ટકાનો વધારો

(સં.સ.સે.)અમદાવાદ,તા.૨૧

યુકે, યુએસ અને કેનેડાની યુનિવર્સિટીઓમાં એડમિશન લેનારા ગુજરાતના વિદ્યાર્થીઓને 'ફેર ટર્બ્યુલન્સ' પરેશાન કરી રહ્યું છે. ગત વર્ષના જુલાઈની સરખામણીએ ઈન્ટરનેશનલ એરલાઈન્સે ટિકિટના ભાડામાં ૧૪૦%થી ૨૦૦%નો વધારો ઝીંક્યો છે. ઈકોનોમી ક્લાસની ટિકિટનું ભાડું બિઝનેસ ક્લાસના ટિકિટના ભાડા જેટલું જ ઊંચું છે.



અમદાવાદના ટ્રાવેલ કન્સલ્ટન્ટ અબ્રાર છીપાએ જણાવ્યું, "જુલાઈ ૨૦૨૧માં કેનેડાની ઈકોનોમી ક્લાસની વન-વે ટિકિટનો ભાવ ૭૫,૦૦૦ રૂપિયા હતો. જે હવે ૨.૨ લાખ રૂપિયા સુધી પહોંચી ગયો છે. આ જ પ્રકારે, ગત વર્ષે જુલાઈમાં લંડનની એક ટિકિટનો ભાવ ૨૬,૦૦૦થી ૩૫,૦૦૦ની વચ્ચે હતો જે આ વર્ષે ૫૫,૦૦૦થી ૭૫,૦૦૦ રૂપિયાની વચ્ચે છે." ગત વર્ષે જુલાઈમાં યુએસની વન-વે ઈકોનોમી ક્લાસની ફ્લાઈટ ટિકિટની કિંમત ૪૫,૦૦૦થી ૬૧,૦૦૦ની વચ્ચે હતી જે ચાલુ વર્ષે ૧.૨૨ લાખથી ૧.૫ લાખ રૂપિયા છે.

# દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૧ હજારથી વધુ કોરોના કેસ

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૧

કોરોનાના નવા કેસમાં ફરી વધારો થયો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન દેશમાં કોરોના વાયરસના ૨૧ હજાર ૫૬૬ નવા કેસ નોંધાયા છે. જ્યારે દૈનિક પોઝિટિવિટી દર વધીને ૪.૨૫ ટકા થયો છે. આ પછી, કોરોનાના સક્રિય કેસોની સંખ્યા વધીને ૧ લાખ ૪૮ હજાર ૮૮૧ થઈ ગઈ છે. ઉલ્લેખનીય છે કે ગુરુવારે દેશમાં કોરોનાના નવા કેસોમાં ઉછાળો નોંધાયો હતો. છેલ્લા ૨૪ કલાકમાં ૨૧,૫૬૬ નવા કેસ નોંધાયા છે. એક્ટિવ કેસ પણ વધીને દોઢ લાખની નજીક પહોંચી રહ્યા છે. સવારે ૮ વાગ્યે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા અપડેટ કરવામાં આવેલા ડેટા અનુસાર, દેશમાં સક્રિય કોરોના કેસ હવે ૧,૪૮,૮૮૧ છે. દૈનિક ચેપ દર ૪.૨૫ ટકા નોંધાયો છે. બુધવારે કોરોનાના ૨૦,૫૫૭ નવા કેસ નોંધાયા હતા. તેની સરખામણીમાં આજે વધુ ૧૦૦૯ કેસ નોંધાયા છે.

# ગુજરાતમાં સતત બીજા દિવસે કોરોનાના ૮૦૦થી વધુ કેસ નોંધાતા ભય : બેના મોત

ગાંધીનગર, તા.૨૧

રાજ્યમાં દિવસે કોરોનાના કેસમાં આજે ઘટાડો નોંધાયો છે. જો કે, અમદાવાદ શહેરમાં ૨ દર્દીના મોત થયાં છે. સતત બીજા દિવસે ૮૦૦થી વધુ કેસ નોંધાયા છે અને ૨૪ કલાકમાં કોરોનાના ૮૧૬ નવા કેસ નોંધાયા છે. જ્યારે ૭૪૫ દર્દી સાજા થયા છે. જેમાં અમદાવાદમાં ૩૧૮ કેસ નોંધાયા છે. આ સાથે રાજ્યમાં



કોરોનાનો રિક્વરી રેટ ૯૮.૭૧ ટકા પર સ્થિર થયો છે. આ મહિનામાં રાજ્યમાં ૧૪૮ દિવસ એટલે કે પાંચ મહિના બાદ ૮૦૦થી વધુ ૮૨૨ કેસ ૧૫મી જુલાઈએ નોંધાયા હતા. અગાઉ ૧૭ ફેબ્રુઆરીએ ૮૭૦ કેસ નોંધાયા હતા.

# ભારતીય નૌકાદળના એરક્રાફ્ટ કેરિયર આઈએનએસ વિક્રમાદિત્યમાં આગ

## જહાજ પરના ક્રૂ મેમ્બરોએ ફાયર સિસ્ટમનો ઉપયોગ કરીને આગને કાબુમાં લીધી

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૧

ભારતીય નૌકાદળના એરક્રાફ્ટ કેરિયર આઈએનએસ વિક્રમાદિત્યમાં આગ લાગવાની ઘટના સામે આવી છે. જોકે, જહાજ પરના ક્રૂ મેમ્બરોએ ફાયર સિસ્ટમનો ઉપયોગ કરીને આગને કાબુમાં લીધી હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર, એરક્રાફ્ટ કેરિયર પર આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. ભારતીય નૌકાદળે આગની ઘટનાની તપાસ માટે બોર્ડ ઓફ ઈન્કવાયરીના આદેશ આપ્યા છે. દરિયામાં ટ્રાયલ દરમિયાન આગ લાગવાની ઘટના બની હતી. જ્યારે



આગ લાગી ત્યારે આઈએનએસ વિક્રમાદિત્યમાં હતા. નોંધનીય છે કે ભારતીય નૌકાદળના એરક્રાફ્ટ કેરિયર આઈએનએસ વિક્રમાદિત્યમાં ફરી એકવાર આગ લાગી છે. કર્ણાટકના કારવાર બંદર પાસે અરબી સમુદ્રમાં ટ્રાયલ દરમિયાન વિક્રમાદિત્યમાં આ ઘટના બની હતી. સદનસીબે આગ ઝડપથી કાબુમાં આવી ગઈ હતી અને કોઈ જાનહાનિ થઈ ન હતી. ભારતીય નૌકાદળના જણાવ્યા અનુસાર એનઆઈએસ વિક્રમાદિત્યમાં સમુદ્રમાં ટ્રાયલ દરમિયાન આગ લાગી હતી.

# ઈડીએ સોનિયા ગાંધીની માત્ર બે કલાક જ પૂછપરછ કરી

## પૂછપરછના વિરોધમાં કોંગ્રેસ આગેવાનો રસ્તા પર ઉતર્યા

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૧

કોંગ્રેસના પ્રમુખ સોનિયા ગાંધીની આજે ૨૧ જુલાઈએ બે કલાકથી પણ ઓછી પૂછપરછ કરવામાં આવ્યા બાદ પ્રથમ દિવસની પૂછપરછ પૂરી થઈ ગઈ છે. તબિયતના કારણોસર તેમને ફરી પૂછપરછ કરવા બોલાવવામાં આવશે. કહેવામાં આવી રહ્યું છે કે ૨૫ જુલાઈએ તેની ફરી પૂછપરછ થઈ શકે છે. હાલમાં ઈડીએ કોઈ નવું સમન્સ જારી કર્યું નથી. બીજી તરફ પૂછપરછના વિરોધમાં કોંગ્રેસના આગેવાનોએ રસ્તા પર ઉતરી વિરોધ પ્રદર્શન કર્યું હતું. મલ્લિકાર્જુન ખડગે, શશિ થરૂર



સહિત કોંગ્રેસના ૭૫ સાંસદોની પોલીસે અટકાયત કરી હતી. આ પહેલા કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી નેશનલ હેરાલ્ડ કેસમાં પૂછપરછ માટે સવારે ઈડીની ઓફિસ પહોંચ્યા હતા. તેમની સાથે તેમની પુત્રી અને કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી પણ હતા. સોનિયા ગાંધીએ તેમની સાથે દવાઓ લીધી હતી. પૂછપરછ દરમિયાન પ્રિયંકા અને સોનિયા ગાંધી એક જ રૂમમાં હાજર હતા. સૂત્રોનું કહેવું છે કે સોનિયા ગાંધીની પૂછપરછની કમાન મહિલા અધિકારી મોનિકા શર્માને સોંપવામાં આવી છે.

# સિંગર સિદ્ધુ મૂસેવાલાની હત્યા બાદ તેના પિતાને પાકિસ્તાનથી ધમકી મળી

(એ.આર.એલ),ચંડીગઢ,તા.૨૧

પંજાબી સિંગર સિદ્ધુ મૂસેવાલાના પિતાને મોતને ઘાટ ઉતારી દેવાની ધમકી આપવામાં આવી છે. સિદ્ધુ મૂસેવાલાના પિતાને એક પોસ્ટ દ્વારા આ ધમકી આપવામાં આવી છે. ઈન્સ્ટાગ્રામ પર પાકિસ્તાનથી પોસ્ટ કરવામાં આવી છે. આ પોસ્ટમાં ધમકી આપવામાં આવી છે. ઈન્સ્ટાગ્રામ પર લખવામાં



આવ્યું છે 'અગલા નંબર બાપુ કા.' સિદ્ધુ મૂસેવાલાના પિતાએ આ ધમકીની જાણકારી પોલીસને આપી છે અને આગળની તપાસ કરવામાં આવી રહી છે. અત્યારે આ બાબતે પાકિસ્તાની એંગલ આવવાની મોટી વાત છે. પહેલાંની જે પણ તપાસ થઈ છે તેમાં માત્ર ગેંગસ્ટર ગોલ્ડી બરાડ અને લોરેન્સ બિશ્નોઈ સુધી કેસને સીમિત રાખવામાં આવ્યો છે, પરંતુ હવે પાકિસ્તાનથી જો સિદ્ધુ મૂસેવાલાના પિતાને મોતને ઘાટ ઉતારવાની ધમકી મળે છે તો પોલીસ માટે આ કેસ વધારે ગુંચવણ ભર્યો બની શકે છે.

# ઈટાલીના પ્રધાનમંત્રીએ પદ પરથી રાજીનામું ધરી દીધું

(એ.આર.એલ),રોમ,તા.૨૧

ઈટાલીના પ્રધાનમંત્રી મારિયો દ્રાઘીએ પોતાના પદ પરથી રાજીનામું આપ્યું હતું જે બાદ ઈટાલી અને યૂરોપની રાજનીતિમાં એક અસ્થિરતા અને અનિશ્ચિતતાનો દોર શરૂ થઈ ગયો હતો. ઉલ્લેખનીય છે કે, ઈટાલીના વડાપ્રધાન મારિયો દ્રાઘીના વિશ્વાસ મતમાં દ્રાઘી સરકારના પ્રમુખ સહયોગીયોએ ભાગ ન હતો લીધો. જે બાદ ગુરુવારે તેઓએ પદ પરથી રાજીનામું આપી દીધું હતું. તેમના આ રાજીનામાથી દેશમાં જલ્દીથી ચૂંટણી યોજાય તેવી સંભાવના ઉભી થઈ છે. દ્રાઘીએ ક્વિરીનાલ પેલેસ ખાતે સવારની મિટિંગ દરમિયાન ઈટાલીના રાષ્ટ્રપતિ, સેર્ગીયો મેટારેલાને પોતાનું રાજીનામું સુપરત કર્યું. મેટારેલાના કાર્યાલયે જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિએ રાજીનામાની નોંધ લીધી છે અને ડ્રેગી સરકારને કાર્યવાહક સરકાર તરીકે કામ કરવાનું કહ્યું છે.

# ઉપરાજ્યપાલે ફાઈલ અટકાવતાં કેજરીવાલની સિંગાપુર યાત્રા પર રોક

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૧

દિલ્હીના ઉપરાજ્યપાલ વિનય કુમાર સક્સેનાએ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની સિંગાપુર યાત્રા સાથે જોડાયેલી ફાઈલને નકારી દીધી છે. ઉપરાજ્યપાલે કહ્યું કે મેયરના સંમેલનમાં ભાગ લેવો મુખ્યમંત્રી માટે યોગ્ય નથી. આ વચ્ચે દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાએ કહ્યુ કે, તુષ્ટ રાજનીતિ હેઠળ



અરવિંદ કેજરીવાલને સિંગાપુર જવા દેવામાં આવી રહ્યાં નથી. તેમણે કહ્યું કે, તે વિદેશ મંત્રાલય પાસેથી મુખ્યમંત્રી પોલિટિકલ ક્લીયરન્સ માંગશે. અમને આશા છે કે મંજૂરી મળી જશે.

આ પહેલા મુખ્યમંત્રી કેજરીવાલે પણ સિંગાપુર પ્રવાસને લઈને આવી રહેલી અડચણો પર કહ્યુ હતું કે હું કોઈ ગુનેગાર નથી, હું એક મુખ્યમંત્રી અને દેશનો એક સ્વતંત્ર નાગરિક છું. મને સિંગાપુર જતો રોકવાનો કોઈ કાયદાકીય આધાર નથી, તેથી તેની પાછળ કોઈ રાજકીય કારણ પ્રતીત થાય છે.

# ભારત અને વેસ્ટઈન્ડિઝ સામેની ત્રણ વન-ડે મેચની સિરીઝનો આજથી પ્રારંભ

## શિખર ધવન કેપ્ટન તથા વાઇસ કેપ્ટન તરીકે રવિન્દ્ર જાડેજા

ઓવલ તા.૨૧

ટીમ ઈન્ડિયાએ વેસ્ટઈન્ડિઝની સામે જીત મેળવવા માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે. પોર્ટ ઑફ સ્પેન પહોંચ્યા પછી ભારતીય ક્રિકેટરો પ્રેક્ટીસ માટે ક્વિંસ પાર્ક ઓવલ સ્ટેડિયમ પહોંચ્યા હતા. ત્યારે વરસાદ થતો હતો. તેવામાં ખેલાડીઓએ ઈન્ડોર પીચ પર પ્રેક્ટીસ શરૂ કરી હતી.

BCCIએ સોશિયલ મીડિયા પર એક વીડિયો પોસ્ટ કર્યો છે. જેમાં રૂતુરાજ ગાયકવાડ, શુભમન ગિલ, અર્શદિપ સિંહ વોર્મ-અપ કરતા દેખાયા હતા. જ્યારે શિખર ધવન પોતાની કિટ તૈયાર કરી રહ્યો હતો. તે કોચ રાહુલ દ્રવિડ સાથે વાત કરતા પણ નજરે ચડે છે. ટીમ ઈન્ડિયા



અત્યારે વેસ્ટઈન્ડિઝની ટૂર પર છે. તેઓને કાલથી કેરેબિયન ટીમ સામે ૩ મેચની સિરીઝની પ્રથમ વનડે મેચ રમવાની છે. આ સિરીઝ પછી ટીમ ઈન્ડિયા વેસ્ટઈન્ડિઝ સામે ૫ T20 આંતરરાષ્ટ્રીય મેચ પણ રમશે. BCCI દ્વારા વેસ્ટઈન્ડિઝ સામેની વનડે સિરીઝ માટે શિખર ધવનને ટીમ ઈન્ડિયાની કેપ્ટન્સી સોંપવામાં આવી છે.

જ્યારે વિરાટ કોહલી, રોહિત શર્મા, જસપ્રીત બુમરાહ, રિષભ પંત અને મોહમ્મદ શમી જેવા સિનિયર ખેલાડીઓને આરામ દીધો છે. અનુભવી ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાને વાઈસ કેપ્ટન બનાવવામાં આવ્યો છે.

# ઓટીટી પ્લેટફોર્મ પર કાજોલ ડેબ્યુ કરશે

(જી.એન.એસ)મુંબઈ,તા.૨૧

બોલિવૂડ અભિનેત્રી છેલ્લા દાયકાથી ફિલ્મોમાં તેની આગવી અદાકારીનો જાદુ પાથરી રહી છે. આજકાલ કાજોલ ફિલ્મોમાં જોવા નથી મળતી પરંતુ ટૂંક સમયમાં તે ઓટીટી પ્લેટફોર્મ પર ડેબ્યૂ કરવા જઈ રહી છે. અગાઉ, અનેક ચર્ચાઓ હતી કે, કાજોલ કોઈ વેબસિરીઝનું શૂટિંગ કરી રહી છે અને તે ટૂંક સમયમાં ડિજિટલ સ્ક્રીન પર દેખાશે પરંતુ મળતી માહિતી મુજબ, કાજોલ એક નવા જ ફોર્મેટના શોમાં નજર આવવાની છે અને આ અંગેની પુષ્ટિ ઓટીટી પ્લેટફોર્મ ડિઝની પ્લસ હોટસ્ટારના સોશિયલ મીડિયા હેન્ડલ પરથી થઈ છે. આ પ્લેટફોર્મ દ્વારા એક વીડિયો પોસ્ટ કરવામાં આવી રહી છે. જેમાં કાજોલ જોવા મળી રહી છે. ડિરેક્ટર તેને તેની સક્સેસફૂલ ફિલ્મ 'દિલવાલે દુલ્હનિયાં લે જાયેંગે' ના ફેમસ ડાયલોગ 'પલટ, પલટ...' કહીને સંબોધી રહ્યો છે અને થોડી સેકન્ડમાં જ કાજોલ સ્ક્રીન પર નજર આવે છે.

**સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મું.લાઠી**

કેસ નં.જન્મ/મરણ પરચુરણ અરજ ૨૫/૨૦૨૨

અરજદાર....:- કૈલાશબેન ઝવેરભાઈ કાત્રોડીયા,
રે. ધ્રુફણીયા, તા. લાઠી, જી. અમરેલી હાલ સુરત

**વિરૂધ્ધ**

સામાવાળા....:- જન્મ - મરણ નોંધણી અધિકારી શ્રી - વ -
તલાટી - કમ - મંત્રી શ્રી- ધ્રુફણીયા ગ્રામ પંચાયત

**જાહેર નોટીસ**


આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે અમરેલી જીલ્લાનાં લાઠી તાલુકાનાં ધ્રુફણીયા (હાલ સુરત) ગામના રહીશ અરજદાર **કૈલાશબેન ઝવેરભાઇ કાત્રોડીયા**નો જન્મ મોજે ધ્રુફણીયા, તા. લાઠી ગામે તા.૦૧/૦૬/૧૯૭૪ નાં રોજ થયેલ હોવાની જન્મ નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજ કરેલ છે. તો આ કામનાં સામાવાળા દ્વારા જન્મની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે જે કોઈને વાંધો તકરાર કે હરકત હોય, તેઓએ તેમનાં મુખત્યાર મારફતે કે જાતે અત્રેની કોર્ટમાં મુદત તા.૦૧/૦૮/૨૦૨૨ના રોજ ૧૫.૦૦ કલાકે વાંધા તકરાર સાથે ઉપસ્થીત રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

તારીખ: ૧૧/૦૭/૨૦૨૨ (કોર્ટનો સિક્કો)

**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ**
**લાઠી**

# ખાંભાના મોટા સમઢીયાળા ગામે લૂંટના ઈરાદે કરાયેલ હુમલો હત્યામાં તબદીલ

## વૃદ્ધ દંપતી પર કરાયો હતો હુમલો, પતિને ગંભીર ઇજા



અમરેલી, તા. ૨૧

અમરેલી જિલ્લાના ખાંભાના મોટા સમઢીયાળા ગામે અજાણ્યા શખ્સોએ મોડી રાત્રે લૂંટના ઈરાદે ઘરમાં ઘુસી દંપતી પર પાઈપ વડે હુમલો કરતા પત્નીનું કમકમાટીભર્યું મોત નિપજતા ઘટના હત્યામાં પલટાઈ હતી. પાઈપના ફટકાથી પતિને પણ ગંભીર ઈજા થતા રાજકોટ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ ઘટનાની જાણ થતા એસપી, પોલીસ કાફલો અને ધારાસભ્ય સહિત રાજકીય અગ્રણીઓ ઘટના સ્થળ પર દોડી ગયા હતા. પોલીસ દ્વારા જુદી-જુદી ટીમો બનાવી હત્યારાને ઝડપી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. મોટા સમઢીયાળામાં રહેતા કમળાબેન શેલડીયા અને હરજીભાઈ શેલડીયા નામના વૃદ્ધ દંપતી પર આ હુમલો કરવામાં આવ્યો હતો. આ વૃદ્ધ દંપતી ઘરે એકલું જ રહેતું હતું. પોલીસના અનુમાન મુજબ કોઈ અજાણ્યા શખ્સો દ્વારા રેકી કરી સમગ્ર ઘટનાને અંજામ આપવામાં આવ્યો હોઈ શકે છે. ઘટનાને અંજામ આપનાર વ્યક્તિઓને પકડી પાડવા પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, આ પ્રકારની ઘટના થોડા મહિનાઓ પહેલા લીલીયા તાલુકા પંથકમાં પણ સામે આવી હતી જે ઘટનાનો ભેદ હજુ અણઉકેલ છે.

# રાજ્યમાં વિધાનસભા ચૂંટણી નવેમ્બરમાં યોજાવાની શક્યતા

(એ.આર.એલ),ગાંધીનગર,તા.૨૧

ગુજરાત વિધાનસભાની વહેલી ચૂંટણીઓ થવાની ચર્ચાએ જોર પકડયુ હતું પણ તે માત્ર રાજકીય અફવા સાબિત થઈ છે. જો કે વિધાનસભાની ચૂંટણીઓને પગલે અત્યારથી ભાજપ, કોંગ્રેસ સહિત રાજકીય પક્ષોએ પૂરજોશમાં તૈયારીઓ આદરી છે. રાજકીય વર્તુળોમાં ચર્ચા ચાલી રહી છે કે, નવેમ્બરના બીજા અઠવાડિયામાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાઈ શકે છે. ચૂંટણી પંચ નવરાત્રી બાદ ચૂંટણીઓનું એલાન કરે તેવી શકયતા જોવાઈ રહી છે. વિધાનસભાની ચૂંટણીઓને પગલે ગુજરાતમાં તો અત્યારથી જાણે ચૂંટણી માહોલ હોય તેમ લાગી રહ્યુ છે. ગુજરાતમાં ડિસેમ્બર -૨૨માં વિધાનસભાની ચૂંટણી યોજાશે પણ રાજકીય વર્તુળોમાંથી જાણવા મળ્યુ છે કે, નવેમ્બર માસનાં મધ્યમાં ચૂંટણી યોજાઈ શકે તેવી શકયતા જોવાઈ રહી છે. ટૂંકમાં એકાદ મહિનો વહેલી ચૂંટણીઓ યોજાય તો નવાઈ નહીં.

# સુરતમાં બસસ્ટોપ પર ઊભેલી સિટી બસમાં આગ લાગતા અફરાતફરી

(સં.સ.સે.) સુરત,તા.૨૧



સુરત શહેરમાં સિટી બસમાં આગ લાગવાનો બનાવ બન્યો છે. બનાવ સુરતના સરથાણા વિસ્તારનો છે. બસ જ્યારે સ્ટોપ પર ઊભી હતી ત્યારે તેમાં અચાનક આગ લાગી ગઈ હતી. આગ લાગતા જ બસસ્ટેશન પર અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો. આગ લાગ્યાનો કોલ મળતા જ ફાયરનો સ્ટાફ દોડી આવ્યો હતો અને આગ પર કાબૂ મેળવ્યો હતો. આગને કારણે જાનહાનિના કોઈ સમાચાર નથી. આગ કયા કારણોસર લાગી હતી તે જાણી શકાયું નથી. ઉલ્લેખનીય છે કે આ પહેલા પણ બસોમાં આગ લાગવાના બનાવ બની ચૂક્યા છે.

# ગુજરાતને ૩૦૦ યુનિટ વીજળી મફત આપવા અરવિંદ કેજરીવાલની ગેરંટી

(એ.આર.એલ),સુરત,તા.૨૧




ગુજરાતમાં ચાલતા આમ આદમી પાર્ટીના 'વીજળી મોંઘી' અભિયાન બાદ આજે સુરતમાં અરવિંદ કેજરીવાલે પ્રથમ ગેરંટી સાથે દિલ્હી અને પંજાબની જેમ ગુજરાતમાં પણ મફત વીજળી આપવાની જાહેરાત કરી છે. કેજરીવાલે જાહેરાત કરતાં જણાવ્યું હતું કે ગુજરાતની જનતાને ૩૦૦ યુનિટની વીજળી મફત આપશે. કેજરીવાલે જણાવ્યું હતું કે જે રીતે અમે દિલ્હી અને પંજાબમાં વીજળી મફત આપી રહ્યા છીએ એવી જ રીતે ગુજરાતમાં પણ આપીશું. આ અમારી ગુજરાતને પહેલી ગેરંટી છે. સરકાર બનવાના ત્રણ મહિના બાદ તરત જ અમલમાં મુકાશે. અમારી બીજી એ ગેરંટી છે કે ૨૪ કલાક વીજળી મળશે. ગુજરાતમાં જ્યાં વીજળીકાપ છે ત્યાં પણ ૨૪ કલાક વીજળી આપવામાં આવશે. ૩૧ ડિસેમ્બર પહેલાંનાં તમામ ડોમેસ્ટિક બિલ જે છે એ અમે માફ કરી દીધાં છે. જૂનાં જેટલાં પણ બિલ હોય છે એ અમે માફ કરી દઈશું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ખેડૂતો માટે વીજળીનું અમે અલગથી વિચારી રહ્યા છીએ. આ ખૂબ મોટો મુદ્દો છે, એને લઈને આગામી દિવસોમાં ફરીથી હું ગુજરાતમાં આવીશ અને આ મુદ્દે વાત કરીશ.






# કચ્છમાં ૩.૫ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો

ભુજ,તા.૨૧

કચ્છ જિલ્લામાં અવારનવાર ભૂકંપના આંચકા અનુભવાતા હોય છે. ત્યારે આજે ફરી એકવાર ભૂકંપનો આંચકો અનુભવાયો છે. કચ્છ જિલ્લાથી ૧૮ કિલોમીટર દૂર ૩.૫ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો આવ્યો હતો. જો કે આ ભૂકંપથી કોઈ જાનહાનિના અહેવાલો નથી. પૃથ્વી અનેક સ્તરોમાં વહેંચાયેલી છે અને જમીન નીચે અનેક પ્રકારની પ્લેટો છે. આ પ્લેટો એકસાથે અટવાઈ જાય છે, પરંતુ કેટલીકવાર આ પ્લેટો સરકી જાય છે, જેના કારણે ભૂકંપ આવે છે.







